Digital Copy

કેનેડાથી પ્રસિદ્ધ થતું ગુજરાતી કમ્યુનિટી ન્યુઝપેપર

जननी जन्मभूमिश्च स्वर्गादपि गरियसी

# ગરવી ગુજરાત

I ❤ Gujarat

Gujarati Weekly Community Newspaper

| Vol. 1 | Issue 43 | 11 April 2026 | Sugnesh Patel | +1437-967-0062 | garvigujarat2025@gmail.com | CANADA |

# કેનેડામાં શ્રી પથિકભાઈ શુક્લાની અગત્યની નિમણૂક: ગુજરાતી સમાજ માટે ગૌરવની ક્ષણ

## ગરવી ગુજરાત ન્યૂઝ પેપર કેનેડા તરફથી હાર્દિક અભિનંદન – વૈશ્વિક મંચ પર ગુજરાતી પ્રતિભાનું તેજસ્વી પ્રતિનિધિત્વ










કેનેડાના ઓન્ટારિયો પ્રાંતમાં વસતા ગુજરાતી સમાજ માટે ગૌરવની ક્ષણ તરીકે સમાજસેવક અને સમુદાય કાર્યકર શ્રી પથિક શુક્લાની ઓન્ટારિયો સરકારના પર્યટન, સંસ્કૃતિ અને રમતગમત મંત્રાલય દ્વારા ઓન્ટારિયો ટ્રિલિયમ ફાઉન્ડેશનમાં ગ્રાન્ટ સમીક્ષા ટીમના સભ્ય તરીકે નિમણૂક કરવામાં આવી છે. આ નિમણૂક તેમના લાંબા સમયથી ચાલતા સમર્પિત સમાજસેવાના કાર્યોની કદરરૂપ છે.

શ્રી પથિક શુક્લા સમાજસેવા, સમુદાય જોડાણ અને આરોગ્ય સલામતી ક્ષેત્રમાં સક્રિય અને પ્રતિબદ્ધ કાર્યકર તરીકે જાણીતા છે. એમબીએ પદવી ધરાવતા પથિકભાઈએ જુનિયર ચેમ્બર ઈન્ટરનેશનલ અને રોટરી ક્લબ જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓ સાથે લાંબા સમયથી કાર્ય કર્યું છે અને રોટરી ક્લબના પ્રમુખ તરીકે પણ સેવા આપી છે.

તેઓ સ્વચ્છતા નિષ્ણાત અને ખાદ્ય સુરક્ષા નિરીક્ષક તરીકે પણ કાર્યરત છે. તેઓ 2018 થી 2022 દરમિયાન બ્રેમ્પ્ટન સ્કૂલ ટ્રાફિક સલામતી કાઉન્સિલના સભ્ય રહ્યા હતા અને 2023 થી બ્રેમ્પ્ટન શહેરના મેયર અને સિટી કાઉન્સિલ દ્વારા બ્રેમ્પ્ટન અપીલ ટ્રિબ્યુનલના અધ્યક્ષ તરીકે નિયુક્ત થયેલા છે.

શ્રી પથિક શુક્લા 2019 થી “હ્યુમન્સ ફોર હાર્મની” સંસ્થાના સચિવ તરીકે સેવા આપી રહ્યા છે. આ સંસ્થા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ અને સમગ્ર સમુદાયના કલ્યાણ માટે કાર્યરત છે અને તેનો નેતૃત્વ શ્રી ડોન પટેલ પ્રમુખ તરીકે કરી રહ્યા છે. સાથે જ, પથિકભાઈ “ઇન્ડિયન ફેમિલી એસોસિએશન (IFA)” સંસ્થામાં સક્રિય સ્વયંસેવક તરીકે પણ જોડાયેલા છે, વર્ષ 2025માં તેમને ઓન્ટારિયો સરકાર દ્વારા ઓન્ટારિયો કોલેજ ઓફ ઓક્યુપેશનલ થેરાપિસ્ટ્સમાં જાહેર નિર્દેશક તરીકે પણ નિમણૂક આપવામાં આવી હતી.

તેમના ઉત્તમ અને સમર્પિત કાર્ય બદલ તેમને “હર મેજેસ્ટી ક્વીન એલિઝાબેથ દ્વિતીય પ્લેટિનમ જ્યુબિલી એવોર્ડ અને પિન” તેમજ 2021માં બ્રેમ્પ્ટન શહેર દ્વારા “પ્રેરણાદાયી એવોર્ડ” થી સન્માનિત કરવામાં આવ્યા છે, ખાસ કરીને કોવિડ-19 મહામારી દરમિયાન આપેલ સેવાઓ માટે.

ઓન્ટારિયો ટ્રિલિયમ ફાઉન્ડેશન ઓન્ટારિયો સરકારની અગત્યની સંસ્થા છે, જે સમુદાયોના વિકાસ માટે ગ્રાન્ટ આપે છે. 1982થી આજદિન સુધી, આ સંસ્થાએ સમુદાયોના સર્વાંગી વિકાસ માટે અબજો ડોલરનું રોકાણ કર્યું છે. દર વર્ષે અંદાજે 120 મિલિયન ડોલર જેટલી ગ્રાન્ટ દ્વારા સંસ્થા સક્રિય જીવનશૈલી, સમાવેશી સમાજ, પર્યાવરણ સંરક્ષણ, કલા અને સંસ્કૃતિનો વિકાસ તેમજ બાળકો અને યુવાનોના સકારાત્મક વિકાસ માટે પ્રોજેક્ટ્સને પ્રોત્સાહન આપે છે.

શ્રી પથિક શુક્લાની આ નિમણૂક માત્ર તેમની વ્યક્તિગત સિદ્ધિ નથી, પરંતુ સમગ્ર ગુજરાતી સમાજ માટે ગૌરવની બાબત છે. તેમની નિષ્ઠા, સમર્પણ અને સમાજપ્રતિની ભાવના ભવિષ્યમાં પણ અનેક લોકોને પ્રેરણા આપતી રહેશે.

# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**04 એપ્રિલથી આવતા શનિવાર સુધી**

**મેષ રાશિ — અ, લ, ઈ**
આ અઠવાડિયામાં કાર્યક્ષેત્રમાં નવા અવસર મળશે. અધૂરા કામ પૂર્ણ થશે. આર્થિક લાભની શક્યતા છે. પરિવાર સાથે સમય પસાર કરવાથી મન પ્રફુલ્લિત રહેશે. સ્વાસ્થ્યમાં થોડી થાકની લાગણી થઈ શકે.

**વૃષભ રાશિ — બ, વ, ઉ**
નવા સંબંધો અને ઓળખાણથી લાભ મળશે. રોકાણ કરતા પહેલા વિચારવું જરૂરી છે. વેપારમાં મધ્યમ વૃદ્ધિ રહેશે. જીવનસાથી સાથે મતભેદ ટાળો. ધાર્મિક પ્રવૃત્તિ તરફ ઝુકાવ વધશે.

**મિથુન રાશિ — ક, છ, ઘ**
આ અઠવાડિયે માનસિક ચિંતા થોડી વધી શકે છે, પરંતુ અંતે સફળતા મળશે. નોકરીમાં પ્રશંસા મળશે. મિત્રોનો સહયોગ મળશે. ખર્ચ પર નિયંત્રણ રાખવું જરૂરી રહેશે.

**કર્ક રાશિ — ડ, હ**
પરિવારમાં આનંદમય વાતાવરણ રહેશે. અટકેલા પૈસા મળવાની શક્યતા છે. વિદ્યાર્થીઓ માટે સમય અનુકૂળ છે. મુસાફરીના યોગ બની શકે. સ્વાસ્થ્ય સારું રહેશે.

**સિંહ રાશિ — મ, ટ**
કાર્યક્ષેત્રમાં જવાબદારી વધશે. અધિકારીઓ તરફથી સહકાર મળશે. નવા પ્રોજેક્ટ શરૂ કરવા યોગ્ય સમય છે. ઘરમાં શુભ પ્રસંગ બની શકે. આત્મવિશ્વાસ વધશે

**કન્યા રાશિ — પ, ઠ, ણ**
આ અઠવાડિયામાં સાવચેતીથી નિર્ણય લેવો. ભાગીદારીના કામમાં લાભ થશે. પરિવાર તરફથી સહયોગ મળશે. સ્વાસ્થ્યમાં પેટ સંબંધિત તકલીફ થઈ શકે.

**તુલા રાશિ — ર, ત**
સામાજિક પ્રતિષ્ઠા વધશે. મિત્રો સાથે મુલાકાત આનંદદાયક રહેશે. નોકરીમાં પ્રગતિના યોગ છે. ખર્ચ વધવાની શક્યતા છે, તેથી આયોજન જરૂરી છે.

**વૃશ્ચિક રાશિ — ન, ય**
નવી જવાબદારીઓ મળશે. કાર્યસ્થળે સફળતા મળશે. પરિવાર સાથે થોડો સમય વિતાવવો જરૂરી છે. રોકાણ માટે સમય અનુકૂળ છે

**ધન રાશિ — ભ, ધ, ફ, ઢ**
પ્રવાસના યોગ છે. વિદ્યાર્થીઓ માટે સફળતા મળશે. નોકરીમાં પરિવર્તનની શક્યતા છે. ધાર્મિક કાર્યમાં રસ વધશે. સ્વાસ્થ્ય સારું રહેશે.

**મકર રાશિ — ખ, જ**
અઠવાડિયાની શરૂઆત થોડી પડકારજનક રહેશે પરંતુ અંતે લાભ થશે. વ્યવસાયમાં પ્રગતિ થશે. પરિવારનો સહકાર મળશે. નવા સંપર્કોથી લાભ મળશે.

**કુંભ રાશિ — ગ, સ, શ, ષ**
સહયોગીઓનો સહકાર મળશે. નવા વિચારો સફળતા લાવશે. આર્થિક સ્થિતિ મજબૂત બનશે. જીવનસાથી સાથે સંબંધ મીઠા બનશે

**મીન રાશિ — દ, ચ, ઝ, થ**
આ અઠવાડિયે આત્મવિશ્વાસ વધશે. કાર્યક્ષેત્રમાં સફળતા મળશે. મિત્રો સાથે સારો સમય પસાર થશે. આરોગ્ય પ્રત્યે સાવચેતી રાખવી.

શ્રી મહેશકુમાર શાસ્ત્રીજી, કેનેડા+1 647 881 9054
વાસ્તુપૂજા કથા વિગેરે માટે સંપર્ક કરો

**તંત્રી લેખ**

# “ભક્તિ, સેવા અને સંસ્કાર નું અજવાળું ” એટલે શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજી નો પ્રાગટ્ય દિવસ




પુષ્ટિમાર્ગના પ્રણેતા અખંડ ભુમંડલ આચાર્ય ૧૦૮ પરમ પૂજ્ય શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજી નો 549 મો પ્રાગટ્ય મહોત્સવનો પાવન પ્રસંગ સમગ્ર વૈષ્ણવ સમાજ માટે અતિ શ્રદ્ધા અને આનંદનો વિષય છે. પુષ્ટિમાર્ગના સ્થાપક મહાપ્રભુજીએ ભક્તિને જીવનનું કેન્દ્ર બનાવી, શ્રીકૃષ્ણ પ્રત્યેના નિ:સ્વાર્થ પ્રેમ અને સેવાભાવનો સરળ માર્ગ દર્શાવ્યો હતો.

આ મહોત્સવ માત્ર ધાર્મિક વિધિઓ પૂરતો સીમિત નથી, પરંતુ તે આપણને જીવનના મૂલ્યો - સંસ્કાર, સહાનુભૂતિ અને સમર્પણ - ફરી યાદ અપાવે છે. આજના ઝડપી અને સ્પર્ધાત્મક યુગમાં, મહાપ્રભુજીના ઉપદેશો માનવ જીવનમાં શાંતિ અને સંતુલન લાવવા માટે માર્ગદર્શક બની શકે છે.

વિશ્વભરમાં વસતા ભારતીયો માટે, ખાસ કરીને કેનેડામાં રહેતા સમાજ માટે, આ મહોત્સવ પોતાની સંસ્કૃતિ સાથે જોડાયેલા રહેવાનો અને નવી પેઢીને આધ્યાત્મિક વારસો આપવાનો ઉત્તમ અવસર છે. ભજન, કીર્તન, સત્સંગ અને મહાપ્રસાદ જેવી પ્રવૃત્તિઓ દ્વારા સમાજમાં એકતા અને ભક્તિભાવ વધુ મજબૂત બને છે.



આ પાવન અવસર પર, આવો આપણે સૌ મહાપ્રભુજીના દર્શાવેલા માર્ગ પર ચાલીને જીવનમાં સેવા, સદભાવ અને ભક્તિનો પ્રકાશ ફેલાવવાનો સંકલ્પ કરીએ.

જય શ્રીકૃષ્ણ

**સુજ્ઞેશ પટેલ**
(તંત્રી શ્રી, ગરવી ગુજરાત ન્યુઝ પેપર) 4379670062

## લાગણી છલકાય જેની વાતમાં, એક બે જણ જ હોય એવા, લાખમાં

**સંકલન ડોક્ટર પ્રકાશભાઈ ઠક્કર કાલોલ ગુજરાત**

**કેનેડાથી પ્રસિદ્ધ થતું ગરવી ગુજરાત ન્યુઝ પેપર વાંચવા ક્યુઆર કોડ સ્કેન કરો**

વાચકોને આ અખબારમાં પ્રસિદ્ધ કોઇપણ જાહેરાતના સબંધમાં પૈસા મોકલવા, કોઇ પણ ખર્ચ ઉઠાવવા અથવા કોઇપણ વાયદા દાવા પર અમલ કરતા પહેલાં જરૂરી પુછપરછ કરવા અને યોગ્ય તપાસ કરવાની સલાહ આપવામાં આવે છે. ગરવી ગુજરાત જાહેરાતકર્તાઓના ઉત્પાદનો અને સેવાઓ માટે કરાયેલ દાવાની જવાબદારી લેતું નથી. જો જાહેરાત આપનાર આવા દાવાનું સન્માન નથી કરતા તો ગરવી ગુજરાતને કોઇપણ પરિણામ માટે જવાબદારી ગણી શકાશે નહીં.


I AM DIFFERENT !!
@realtorravipatel
Looking for the Right Real Estate Expert?
Ravi Patel
REALTOR
Let's Find Your Perfect Home
• Personalized Guidance for Buyers & Sellers
• More Than 5 Years of Experience
• Transparent Service
• Check reviews on Google & Insta and lets get started !!
Let's Get Started
+1(519)-991-7196
www.buywithravi.realtor
@realtorravipatel
RIGHT AT HOME
REALTY BROKERAGE

# બ્રામ્પ્ટન સ્થિત ભારતીય સિનિયર પરિવાર ની મિટિંગમાં પૂજ્ય સંજીવકૃષ્ણ ઠાકુરજીએ આશિર્વાદ વરસાવ્યા

















**સંકલનઃ ડો. હસમુખ મેરજા । બ્રામ્પ્ટન**

બ્રામ્પ્ટન સ્થિત ભારતીય સિનિયર પરિવાર ના સભ્યો દ્વારા તારીખ ૩૧ માર્ચ ના રોજ અઠવાડિક મિટિંગ યોજવામાં આવી હતી. આ મિટિંગ માં ભારત માતા મંદિર ના સંસ્થાપક શ્રી જેફલાલ દ્વારા નિમંત્રિત વૃંદાવનવાસી ભાગવત કથાકાર પૂજ્ય શ્રી સંજીવકૃષ્ણ ઠાકુરજી પધાર્યા હતા. કાર્યક્રમની શરૂઆત માં બધા સિનિયર ભાઈબહેનો એ સમૂહ પ્રાર્થના કરી હતી. શ્રી જેફ લાલ જી પૂજ્ય ઠાકુરજીને લઈને પધાર્યા બાદ તેમનું શ્રી ગુરુદત્ત વૈદે તથા પરિવારના પ્રમુખશ્રી પ્રફુલ ભાવસારે ફુલહાર થી સ્વાગત કર્યું હતું. શ્રીજેફ લાલે ભારતીય સિનિયર પરિવારની સ્થાપના અને પ્રગતિનો ઈતિહાસ સંક્ષિપ્ત માં વર્ણવ્યો હતો. પૂજ્યશ્રી ઠાકુરજી એ અત્યંત પ્રભાવિત થયીને અઢળક આશીર્વચન વરસાવ્યા હતા. પૂજ્યશ્રીએ બધાને વૃંદાવન આવવાનું આમંત્રણ આપ્યું હતું.

પૂજ્ય ઠાકુરજીએ વૃંદાવન ખાતે ની સમર્પણ ગૌશાળાની રૂપરેખા આપી હતી અને બની શકે તેમને એક-એક ગાય દત્તક લેવા અનુરોધ કર્યો હતો. શ્રી ગુરુદત્તજી એ પૂ.ઠાકુરજીની કૃષ્ણભક્તિની આલોચના કરીને જણાવ્યું કે અમારા સિનિયર પરિવારમાં પણ પરમ કૃષ્ણભક્ત છે જે ૯૦ વર્ષ ની ઉંમરના છે. પ્રફુલભાઈએ જણાવ્યું કે આપણે પૂજ્ય ઠાકુરજીના દર્શન કરવા ઉપર મંદિરમાં જવાની ઈચ્છા ધરાવતા હતા, તો તેઓ ખુદ આપણને દર્શન આપવા અને બધા સિનિયર પરિવાર ને મળવા કરુણાસભર હૈયે નીચે આવી ગયા.

આ ઉપરાંત કાર્યક્રમમાં શ્રી ધર્મેન પટેલ (ફાર્માસિસ્ટ) ઉપસ્થિત રહીને બધાને ડ્રગ બેનીફીટ પ્લાન અને પોતાની ફાર્મસી દ્વારા અપાતા ડિસ્કાઉન્ટ, વેલકમ ઓફર ફોર સિનિયર્સ ની સમજણ આપી હતી. ઓપ્ટીશિયન શ્રી મેહુલ પટેલ ઉપસ્થિત રહ્યા હતા ને બધાને આંખના રોગ, આંખની સંભાળ તથા સારી ગુણવત્તાવાળા ચશ્માની પસંદગી કઈ રીતે કરવી તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે કોઈ પણ સિનિયર ભાઈઓને ચશ્મા બનાવવાની જરૂર પડે તો એપિક વીઝન માં જરૂર આવે. સામ પટેલ અથવા મેહુલ પટેલનો કોંટેક્ટ કરીને સિનિયર પરિવાર નો બેઈઝ બતાવશે તો સ્પેશ્યલ ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

ત્યારબાદ ડો. હસમુખ મેરજા તાજેતરમાં જ ભારત દેશથી ફરીને પરત આવ્યા હતા, તેમણે તેની અયોધ્યા, છપૈયા, બનારસ, પ્રયાગરાજ, ગયાજી, બુદ્ધગયા, જગન્નાથપુરીની યાત્રાના પ્રેરક અનુભવોનું વર્ણન કર્યુ હતું જે અત્યંત રોમાંચક રહ્યું હતું. યુદ્ધને લઈને ભારતમાં ઉભી થયેલી પેટ્રોલ- રાંધણગેસ ની પરિસ્થિતિ, ધંધા- ઉદ્યોગને થયેલી માઠી અસર છતાં લોકોના અકબંધ જુસ્સાની અને નજરે જોયેલી દેશભક્તિની અસર ની વાત કરી હતી જે રસપ્રદ રહી હતી. નરેન્દ્રભાઈ જીવાણી એ ફોટોગ્રાફ તથા વિડિઓ ની સેવા કરી હતી.

મિટિંગના અંતે બધાએ ભારતમાતા મંદિર માં ભાગવતકથા શ્રવણ કર્યું હતું અને પછી પ્રસાદ લઈને છુટા પડ્યા હતા.

## બ્રામ્પ્ટનના ભારતીય સિનિયર પરિવારમાં પૂ. સંજીવકૃષ્ણ ઠાકુરજીના આશીર્વચન સાથે ધાર્મિક-સામાજિક માર્ગદર્શન અને આરોગ્ય જાગૃતિ કાર્યક્રમ યોજાયો


MORTAGE
EXPERT
UNLOCK YOUR DREAM HOME WITH
EXPERT MORTGAGE GUIDANCE
Residential mortgage
Commercial mortgage
Refinancing, Home equity loans
Business Line of Credits
Business Loans (CSBFL)
Equipment Leasing and Financing
CMHC Multi Unit Program
Abhay joshi
Mortgage Broker
MORTGAGE
AFFINITY
MORTGAGE
SOLUTIONS INC
INDEPENDENTLY OWNED AND OPERATED
FSRA LIC # 13093
CELL : (647) 409-5848
Lic #M22003707


Let's Grow Together
IFA CANADA
Indian Family Association of Canada
A Journey From I To We
Malhaar entertainment Inc
પ્રસ્તુત
In association with
Indian Family Association of Canada
સહયોગ
Hindu Community Centre of Durham
Malhaar Entertainment
$15
Per Person
EarlyBird
$12 till
April 25th
ગુજરાત તને વંદન
Light
Dinner
included
ગુજરાત સ્થાપના દિવસ નિમિત્તે
ગુજરાતી ગીત, લોકગીત અને ભજન નો કાર્યક્રમ
DATE: 2 MAY 2026, SATURDAY
TIME : 6 PM TO 10 PM
Light Dinner : 6 pm to 7 pm
AJAX HIGH SCHOOL,
105 BAYLY ST E, AJAX,
ON L1S 1P2
સ્પોન્સરશીપ અને ટીકીટ માટે સંપર્ક કરો : Jitendra Joshi: 647 864 3909
942 388 3909, 647 895 3909,
Jayesh Brahmbhatt :647 207 1155 , Pathik Shukla : 4169880850
Mukesh Mishra : 905 429 1752
You can e-transfer for ticket : jitendrakumar.joshi@gmail.com
All donations will go to a charitable cause
NANDISH TECHNOLOGIES INC
Priyank Lakhia
OUR PRODUCTS
OUR SERVICES
info@nandishtechnologies.com
www.nandishtechnologies.com
647-925-1800
LED MARKET
OUR PRODUCTS
Residential LED
Commercial LED
Landscape LED
Home Decor Lights
Electrical Supplies
Wholesale/Retail
Installation
sales@ledmarket.ca
www.ledmarket.ca
Unit 7, 83 Dynamic Drive Toronto, ON M1V 4C9 Canada
Pabitra Ghosh
SALES REPRESENTATIVE
647 864 3033
www.pabitraghosh.com
Signature
Malhaar Entertainment
KIRTIDA KITCHEN
Dine-in & Take-Out
Traditional Indian Kitchen
RMi Sound and DJ
OUR SERVICES
Rakesh Mishra
416-839-7656

# ભારતીય બંધારણના પિતા અને શિલ્પી- ડૉ. બાબા સાહેબ આંબેડકર



લેખક
ઘનશ્યામ પટેલ (ખુશ)
કેલગરી, કેનેડા




બાબાસાહેબ આંબેડકર જયંતિ દર વર્ષે ૧૪મી એપ્રિલે દેશભરમાં ઉજવવામાં આવેછે.મૂળ નામ ભીમરાવ રામજી આંબેડકર. તેમનો જન્મ 14 એપ્રિલ 1891 માં મહુ, મધ્યપ્રદેશમાં થયો હતો. તેમના પિતાનું નામ રામજી માલોજી સતપાલ અને માતાનું નામ ભીમાભાઈ હતું .બાળપણથી જ ભણવામાં તેજસ્વી હતા . બાળવયે જ તેમનામાં માતા-પિતાના સંસ્કારોનું સિંચન થયું હતું. પ્રાથમિક કેળવણી દરમિયાન તેઓને ખૂબ જ સંઘર્ષ કરવો પડ્યો હતો .અસ્પૃશ્યતાના કારણે ઘણું સહન કરવું પડેલું. હાઈસ્કૂલનું શિક્ષણ મુંબઈની એલ ફિન્સટન હાઈસ્કૂલમાં લીધું અને 1907 માં મેટ્રિક ની પરીક્ષા પાસ કરી. ત્યારબાદ તેમના લગ્ન રામી નામની છોકરી સાથે થયા, જેનું નામ પાછળથી રમાબાઈ રાખ્યું. કોલંબિયા યુનિવર્સિટી અને લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ માંથી અર્થશાસ્ત્ર અને કાયદાનું ઉચ્ચ શિક્ષણ મેળવ્યું .

તેઓ ભારતના પ્રથમ કાયદા મંત્રી હતા. ભારતીય બંધારણના ઘડતરમાં તેમના અમૂલ્ય યોગદાન ને લીધે તેઓને ભારતના બંધારણના ઘડવૈયા તરીકે ઓળખવામાં આવે છે .તેઓ સારા ઈતિહાસકાર, અર્થશાસ્ત્રી ,કાયદા શાસ્ત્રી, રાજનેતા, તત્વચિંતક અને અનેક વિષયના નિષ્ણાત હતા .તેમણે દલિતોના અધિકાર, સમાનતા તેમજ અનામત અંગે આજીવન સંઘર્ષ કર્યો હતો. તેઓને સારા પુસ્તકો વાંચવાનો અને તેનો સંગ્રહ કરવાનો શોખ હતો. ભારત સરકારે 1990 માં તેઓને મરણોત્તર ભારતના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર ‘ ભારત રત્ન ‘ અર્પણ કરી તેમની સેવાઓને બિરલાવી હતી. 6 ડિસેમ્બર 1956 ના રોજ દિલ્હીમાં તેમનું નિધન થયું .તેમની સ્મૃતિમાં ભારત દેશમાં ઘણી જગ્યાએ તેમની પ્રતિમાઓ સ્થાપિત થઈ છે.

# વયસ્ક નાગરિકો માટે શાળાનો વિકલ્પ ટ્યુશન ક્લાસ બની શકે? સ્પર્ધા યોજાઈ

અવર ઓન ગુજરાતી સિનિયર સિટીઝન ફ્રેન્ડ સર્કલ કેનેડા (આંતરરાષ્ટ્રીય whatsapp ગ્રુપ ) દ્વારા સભ્યોની સુષુપ્ત શક્તિઓને વાચા આપી તેઓની ટેલેન્ટ વિકસાવવા ઓનલાઈન સ્પર્ધા યોજાઈ. જેનો વિષય હતો ‘ શાળાનો વિકલ્પ ટ્યુશન ક્લાસ બની શકે ? ‘ આ વિષય પર સભ્યોએ તેમના મૌલિક વિચારો રજૂ કરતો બે મિનિટનો વિડીયો બનાવી ગ્રુપ સ્થાપક ઘનશ્યામ પટેલને મોકલવાનો હતો. જેમાં પ્રથમ નંબરે શ્રીમતી રીટાબેન એ પટેલ અને દ્વિતીય નંબરે શ્રીમતી કોકીલાબેન જી પટેલ વિજેતા થયા છે. ગ્રુપ સ્થાપક ઘનશ્યામ પટેલે અને પ્રોગ્રામ ચેરમેન શ્રી ઈકબાલકભાઈ મેમને વિજેતા અને ભાગ લેનાર તમામ સ્પર્ધકને અભિનંદન આપેલ છે.



રીટાબહેન એ પટેલ
પ્રથમ વિજેતા



કોકિલાબહેન જી પરેલ
દ્વિતીય વિજેતા

# કેનેડા વર્તમાન એક્સપ્રેસ એન્ટ્રી પ્રોગ્રામ્સને CLOSE કરવાની યોજના છે




સંકલન
શ્રી નયનભાઈ બ્રહ્મભટ્ટ
એ એન બી ઈમિગ્રેશન

રિપ્લેસમેન્ટ શરૂ કરશે કેનેડા તેની એક્સપ્રેસ એન્ટ્રી સિસ્ટમનું એક મોટું પુનર્ગઠન પ્રસ્તાવિત કરી રહ્યું છે, જેમાં વર્તમાન એક્સપ્રેસ એન્ટ્રી પ્રોગ્રામ્સને નિવૃત્ત કરવાનો અને તેમને એક નવા, સુવ્યવસ્થિત કાર્યક્રમ સાથે બદલવાનો સમાવેશ થશે. પ્રસ્તાવિત ફેરફારો ઈમિગ્રેશન, રેફ્યુજીસ એન્ડ સિટીઝનશિપ કેનેડા (IRCC) ના ફોરવર્ડ રેગ્યુલેટરી પ્લાન: 2026-2028 માં દર્શાવેલ હતા, જે આગામી બે વર્ષમાં વિભાગ દ્વારા પ્રસ્તાવિત અથવા અંતિમ સ્વરૂપ આપવાની અપેક્ષા રાખતી નિયમનકારી પહેલોને નિર્ધારિત કરે છે. યોજના અનુસાર, પ્રસ્તાવિત નિયમનકારી ફેરફારો આ હશે: * ફેડરલ સ્કીલ્ડ વર્કર ક્લાસ (FSWC), કેનેડિયન એક્સપિરિયન્સ ક્લાસ (CEC), અને ફેડરલ સ્કીલ્ડ ટ્રેડ્સ ક્લાસ (FSTC) ને રદ કરશે; અને * સુવ્યવસ્થિત પાત્રતા આવશ્યકતાઓ દર્શાવતા એક જ નવા વર્ગ સાથે તેમને બદલશે. IRCC એ નવા વર્ગને રજૂ કરવાની યોજના પર થોડી વિગતો શેર કરી છે. જોકે, તેણે જણાવ્યું છે કે તે કેનેડિયન અર્થતંત્ર અને વ્યવસાયો બંનેને "શ્રમ બજારની વિવિધ જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે આંતરરાષ્ટ્રીય પ્રતિભાના વધુ વૈવિધ્યસભર પૂલની સ્થાપના કરીને" ટેકો આપશે. IRCC એમ પણ કહે છે કે સુવ્યવસ્થિત જરૂરિયાતો અરજદારો, નોકરીદાતાઓ અને ભાગીદારો માટે સિસ્ટમને સમજવા અને નેવિગેટ કરવામાં સરળ બનાવશે. આ તબક્કે, ફેરફારો હજુ પણ દરખાસ્તના તબક્કામાં છે. IRCC કહે છે કે તે વસંત 2026 માં ભાગીદારો, હિસ્સેદારો અને જનતા સાથે સલાહ લેવાની યોજના ધરાવે છે, તે સમયગાળા દરમિયાન વિભાગના જાહેર પરામર્શ અને જોડાણ વેબપેજ પર વધુ વિગતો પોસ્ટ કરવામાં આવશે. જો અમલમાં મૂકવામાં આવે, તો આ સુધારો 2015 માં એક્સપ્રેસ એન્ટ્રી શરૂ થયા પછી કેનેડાના ફેડરલ ઉચ્ચ-કુશળ ઈમિગ્રેશન માળખામાં સૌથી મહત્વપૂર્ણ ફેરફારોમાંનો એક હશે. એક્સપ્રેસ એન્ટ્રી એ દેશમાં કાયમી નિવાસ ઈચ્છતા વિદેશી નાગરિકો માટે કેનેડાની મુખ્ય એપ્લિકેશન મેનેજમેન્ટ સિસ્ટમ છે. 2025 માં, કેનેડાએ તમામ એક્સપ્રેસ એન્ટ્રી ડ્રો પ્રકારો દ્વારા કાયમી નિવાસ માટે અરજી કરવા માટે કુલ 117,998 આમંત્રણો જારી કર્યા.

ANB Immigration Services,
Toronto - Canada - 905 230 4737
info@anbimmigration.com




HOMELIFE
HIGHER STANDARDS
TEAMKAPOOR
Own your Comfort Home
Himanshu Kakkad
himanshukakkad@gmail.com
+1(437)237-9999

# સભ્યતાનું મહોરું અને ભીતરની પશુતા
# એક મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ



લેખક
પરેશભાઈ શાહ
વડોદરા

માનવ ઉત્ક્રાંતિના લાખો વર્ષો પછી પણ એક પ્રશ્ન હંમેશા અનુત્તર રહ્યો છેઃ શું આપણામાં રહેલી 'પ્રાણી વૃત્તિ' ખરેખર નષ્ટ થઈ છે, કે પછી માત્ર તેનું સ્વરૂપ બદલાયું છે? ઉપરછલ્લી રીતે જોતા લાગે કે આપણે ખૂબ જ સંસ્કારી, ધાર્મિક અને સામાજિક બની ગયા છીએ, પરંતુ ઊંડાણપૂર્વક તપાસતા સમજાય છે કે આ પશુ વૃત્તિ શૂન્ય નથી થઈ, બલ્કે તે વધુ 'સોફિસ્ટિકેટેડ' અથવા 'સભ્ય' બની ગઈ છે. આપણી ભીતર જે હિંસા, ભય અને પ્રભુત્વ જમાવવાની વૃત્તિ હતી, તેને આપણે સમાજ માન્ય રીતે પ્રગટ કરતા શીખી ગયા છીએ. જેને આપણે 'સંસ્કૃતિ' કહીએ છીએ, તે ઘણીવાર આ આદિમ વૃત્તિઓને ઢાંકવા માટેનું એક સુંદર આવરણ માત્ર બનીને રહી જાય છે.

વૈશ્વિક સ્તરે માનવ વસ્તીના મધ્યે જો ઘટાડાની વાત કરીએ, તો આંકડાકીય રીતે આ પશુતામાં ભાગ્યે જ એક-બે ટકાનો ઘટાડો નોંધાયો હશે. બાકીના ફેરફારો માત્ર બાહ્ય પ્રવૃત્તિઓમાં છે, પ્રકૃતિમાં નહીં. આપણે જે નગ્ન ક્રૂર હિંસાને અસભ્ય ગણતા હતા, તેને હવે




આપણે વૈચારિક યુદ્ધ' કોર્પોરેટ સ્પર્ધા'કે રાજકીય દાવપેચ'નું નામ આપી દીધું છે. પ્રકૃતિમાં સ્હેજ પણ બદલાવ નથી આવ્યો, માત્ર શસ્ત્રો બદલાયા છે. પહેલા નખ અને દાંત હતા, હવે કલમ અને શબ્દો છે. આપણે સામાજિક હોવાને નાતે આ પ્રાણી વૃત્તિને 'સામાજિક' કરી મૂકી છે, જેથી કરીને આપણે સજ્જન દેખાઈ શકીએ અને આપણું અસ્તિત્વ પણ જોખમાય નહીં.

આ પશુ વૃત્તિનું એક વિચિત્ર લક્ષણ એ છે કે તે વ્યક્તિને 'રક્ષણાત્મક' બનાવે છે. સમાજમાં આજે પણ એ સૂત્ર અદ્રશ્ય રીતે કામ કરે છે. ઉદાહરણ તરીકે, જ્યારે કોઈ વ્યક્તિ એક નમ્ર અને કાયદાનું પાલન કરનારા મોટા અધિકારી સામે અવાજ ઉઠાવે છે, ત્યારે તે પોતાનો અહંકાર પોષે છે. પરંતુ, જ્યારે એ જ વ્યક્તિનો સામનો કોઈ ગુંડા, મવાલી કે એવા શક્તિશાળી 'બડે સાબ' સાથે થાય છે જેનામાં નગ્ન 'Animal Instinct' જીવંત છે, ત્યારે તે અચાનક 'એક્સ્ટ્રા નરમ' અને 'એક્સ્ટ્રા મધુર' બની જાય છે. અહીં આ નરમાશ વિવેક નથી, પણ સામે પક્ષે રહેલી પશુતાનો ડર છે. એ ગુંડાની પ્રાણી વૃત્તિ સામે આપણી જીવિત રહેવાની આદિમ વૃત્તિ (Survival Instinct) નતમસ્તક થઈ જાય છે.

સૌથી રસપ્રદ અને કરુણ બાબત એ છે કે, આવી વ્યક્તિ સાથે કામ કઢાવ્યા પછી આપણે ગર્વથી દસ જણાને કહીએ છીએ કે "જુઓ, મેં પેલા ખતરનાક માણસ પાસેથી પણ કામ કઢાવી લીધું!" અહીં આપણે આપણી નબળાઈને 'ચતુરાઈ' તરીકે ખપાવીએ છીએ. હકીકતમાં, આપણે એ શક્તિ (Instinct) ને વશ થયા હોઈએ છીએ જેનો આપણે ત્યાગ કરવાનો દાવો કરીએ છીએ. માનવ જીવનની સાચી યાત્રા જ આ પ્રાણી તત્વને ઘટાડવાની છે. જ્યાં સુધી આપણે ભય કે લાલચના આધારે વર્તવાનું છોડીને સાચા અર્થમાં સજ્જનતા અને કરુણાને આત્મસાત નહીં કરીએ, ત્યાં સુધી આપણો વિકાસ માત્ર 'બાહ્ય' ગણાશે. ભીતર તો એ જ આદિમ પશુ બેઠેલું છે, જે માત્ર તકની રાહ જુએ છે.

આપણે પશુતાને તિલાંજલિ આપી નથી, માત્ર તેનું 'બ્રાન્ડિંગ' બદલ્યું છે. સાચો માનવ એ છે જે આ વૃત્તિઓને માત્ર છુપાવે નહીં, પણ તેને રૂપાંતરિત (Transform) કરવાની હિંમત રાખે.

EDM
Elite Digital Marketing
LETS BE POPULAR

ELITE
PRINT & DIGITAL MARKETING

Lowest Price

- Business Card, Flyers, Brochures, Posters Banners etc.
- All other Printing
- Website Development
- Social Media Management/SEO
- Graphic Design
- Excel VBA consulting
- Automation Project
- Start Up Consulting

Let's Be popular

facebook Link
Chat
Let's Start!

Parth Patel
647 655 5029

Find on Google


# શ્રીમદ વલ્લભાચાર્યજીની ૮૪ બેઠક

## બેઠક (૫) જી મથુરામાં વિશ્રામઘાટ પર

યમુના નદીના કાંઠે આવેલા મથુરામાં, આ વિસ્તાર ફક્ત એક જંગલ હતો. પ્રવચન યોજાય તે સ્થળની નજીક એક કબ્રસ્તાન હતું. શ્રીમહાપ્રભુજીએ તેમના વાસણ-કમંડલથી પાણી લીધું અને તેમના સેવકોને કહ્યું કે થોડુંક પાણી જમીન પર છાંટો. પાણી છાંટતાં જ આખો વિસ્તાર શુદ્ધ અને રહેવા યોગ્ય બન્યો.

અહીં તેમને શ્રીકૃષ્ણ ચૈતન્યના શિષ્યો મળ્યાં. તેઓએ તેમને પૂછ્યું, "તમારા માર્ગને પુષ્ટિમાર્ગ કહેવામા આવે છે જેનો અર્થ છે કૃપા અથવા પોષણનો માર્ગ, પરંતુ તમારા સેવકો આટલા પાતળા કેમ છે?" શ્રીમહાપ્રભુજીએ જવાબ આપ્યો, "મે તેઓને કહ્યું કે આ માર્ગમાં ન આવો, પરંતુ તેઓ મારી વાત ન માન્યા અને હવે આવ્યા છે તો ફળ ભોગવી રહ્યા છે. શ્રીકૃષ્ણ ચૈતન્યને આ જવાબ વિશે જાણ કરવામાં આવી અને જવાબ સાંભળતા જ બેભાન થઈ ગયા. શ્રીમહાપ્રભુજીના ઉત્તરનો સાર એ હતો કે શ્રીકૃષ્ણની વાંસળી સાંભળી ગોપીઓ તેમના ઘરની બહાર નીકળી ગયા હતા. ભગવાન શ્રીકૃષ્ણએ ગોપીઓને કહ્યું કે રાત્રે તેમની સાથે રહેવું યોગ્ય નથી અને તેમના ઘરે પાછા ફરવાનું કહ્યું. ગોપીઓએ ભગવાની વાત ન માની અને રાસનું ફળ મળ્યું. તેવી જ રીતે જેમણે શ્રીમહાપ્રભુજીની સલાહ ન માની તેમને ગોપીઓની ભાવના પ્રાપ્ત થઈ.

વિશ્રામઘાટ ઉપર મુસ્લિમ શાસકે એક વશીકરણ યંત્ર મૂકી દીધું હતું. જો કોઈ હિન્દુ એ યંત્ર નીચેથી પસાર થાય તો તેમની ચોટી કપાઈ ને દાઢી બની જતી. શ્રીમહાપ્રભુજી પર આ યંત્રની અસર થઈ નહીં. મથુરાના બ્રાહ્મણો શ્રીમહાપ્રભુજી પાસે આવ્યા અને યંત્ર




કાયમી હટાવવા વિનંતી કરી. તેમની સલાહથી તેઓ સ્થાનિક રાજા પાસે પહોચ્યા, પરંતુ તેમણે ઈનકાર કરી દીધો. ત્યારબાદ શ્રીમહાપ્રભુજીએ તેમના સેવકોને શહેરના બધા દરવાજા પર યંત્ર મૂકવા માટે દિલ્હી મોકલ્યા, ત્યાં જો કોઈ મુસ્લિમ તેમની નીચેથી પસાર થાય તો તેમની દાઢી કપાઈને ચોટી બની જતી. દિલ્હીના બાદશાહે શ્રીમહાપ્રભુજીના સેવકોને બોલાવ્યા અને આ યંત્ર દૂર



સંકલન
વૈષ્ણવ શ્રી ભદ્રેશભાઈ શાહ
ગોધરા ગુજરાત

કરવા કહ્યું. તેઓએ જવાબ આપ્યો કે આ યંત્ર ત્યારે જ દૂર થશે જ્યારે મથુરામાં લગાડેલું યંત્ર દૂર થશે. શ્રીમહાપ્રભુજીની શક્તિનો અહેસાસ કરનારા સમ્રાટ ભયભીત થઈ ગયો અને મથુરામાંથી યંત્ર દૂર કરવાનો આદેશ આપ્યો. શ્રીમહાપ્રભુજીએ શ્રીયમુનાજીમાં સ્નાન કર્યું અને વ્રજભૂમિની યાત્રા પર આગળ વધ્યા. આ વ્રજયાત્રા ની શરૂઆત હતી.

**બેઠકનું સરનામું :**
**વિશ્રામઘાટની નજીક, મથુરા- ૨૮૧૦૦૧ ઉત્તરપ્રદેશ, ગામ- મથુરા**

# શ્રી મહાપ્રભુજીની છઠ્ઠી બેઠક

શ્રી મહાપ્રભુજીની છઠ્ઠી બેઠકજી પુષ્ટિમાર્ગના ઈતિહાસમાં સૌથી રોમાંચક અને દિવ્ય માનવામાં આવે છે. આ બેઠકજી ગોવર્ધન પર્વત પર આવેલા 'આન્યોર' ગામમાં સ્થિત છે.

આ એ સ્થાન છે જ્યાં સાક્ષાત્ શ્રીનાથજી (ભગવાન શ્રીકૃષ્ણ) અને શ્રી મહાપ્રભુજીનું પ્રથમ મિલન થયું હતું.

આન્યોર ગામ ગિરિરાજજી (ગોવર્ધન પર્વત) ની તળેટીમાં આવેલું છે. 'આન્યોર' નામનો અર્થ થાય છે 'આને ઔર' (હજી વધારે લાવો). જ્યારે ભગવાને ગોવર્ધન પૂજા વખતે સાક્ષાત્ પ્રગટ થઈને વ્રજવાસીઓનો ભોગ આરોગ્યો હતો, ત્યારે તેઓ તૃપ્ત ન થતા 'આને ઔર... આને ઔર...' બોલતા હતા, તેથી આ ગામનું નામ આન્યોર પડ્યું.

શ્રી મહાપ્રભુજી જ્યારે ઝારખંડના જંગલોમાંથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે તેમને શ્રીનાથજીએ સ્વપ્નમાં આજ્ઞા કરી હતી કે, "હું ગોવર્ધન પર્વત પર પ્રગટ થયો છું, તમે આવીને મારી સેવા પહોંચાડો."

મહાપ્રભુજી જ્યારે આન્યોર પહોંચ્યા, ત્યારે શ્રીનાથજી સાક્ષાત્ પહાડ પરથી નીચે ઉતરીને મહાપ્રભુજીને મળવા આવ્યા.

આ બેઠકજી માત્ર એક સ્થાન નથી, પણ 'સંયોગ' ની પરાકાષ્ઠા છે. જ્યારે મહાપ્રભુજી ઝારખંડથી વ્રજ પધાર્યા, ત્યારે શ્રીનાથજી (જેમને ત્યારે 'દેવદમન' કહેવાતા) પર્વત પરથી ઉતરીને નીચે આન્યોર આવ્યા.

રસપ્રદ વિગતઃ કહેવાય છે કે જ્યારે બંને મળ્યા, ત્યારે જાણે બે સમુદ્ર એકબીજાને મળતા હોય તેવો આનંદ વ્રજમાં છવાઈ ગયો હતો. શ્રીનાથજીએ મહાપ્રભુજીને કહ્યું, "હું તમારા માટે જ ક્યારનો રાહ જોતો હતો."

બંને પક્ષે એટલો પ્રેમ હતો કે શ્રીનાથજીએ મહાપ્રભુજીને ગાઢ આલિંગન (ભેટ્યા) આપ્યું. આ મિલન જોઈને આસપાસના વૈષ્ણવો અને ભક્તો ભાવવિભોર થઈ ગયા હતા.

સદુ પાંડેની એક ગાય હતી જેનું નામ નંદિની હતું. તે રોજ ગિરિરાજ પર્વત પર એક ચોક્કસ શીલા પર જઈને પોતાનું દૂધ ઝરાવતી હતી.

જ્યારે આ વાતની જાણ થઈ અને તે શીલાની પૂજા શરૂ થઈ, ત્યારે શ્રી મહાપ્રભુજીએ આવીને જણાવ્યું કે આ કોઈ સામાન્ય શીલા નથી, પણ સાક્ષાત્ શ્રીનાથજીનું મુખારવિંદ છે. છઠ્ઠી બેઠક પર બિરાજીને મહાપ્રભુજીએ આ રહસ્ય દુનિયાને જણાવ્યું હતું.

મહાપ્રભુજીએ માત્ર સદુ પાંડેને જ નહીં, પણ તેમના આખા પરિવારને બ્રહ્મસંબંધ આપીને પ્રભુની સેવામાં જોડ્યા હતા.

સદુ પાંડેની પુત્રી નર્મદા વિશે વાર્તા સાહિત્યમાં ઉલ્લેખ છે કે તે ઠાકોરજી સાથે સાક્ષાત્ વાતો કરતી હતી.

આન્યોર એ જ ગામ છે જ્યાં ભગવાન શ્રીકૃષ્ણે ઈન્દ્રની પૂજા બંધ કરાવીને ગોવર્ધન પૂજા શરૂ કરાવી હતી.

મહાપ્રભુજીએ આ બેઠક પર બિરાજીને સમજાવ્યું કે ઠાકોરજીને 'બહુ ભોગ' પ્રિય છે.

તેમણે જ વ્રજવાસીઓને શીખવ્યું કે કેવી રીતે વિવિધ પ્રકારની સામગ્રી સિદ્ધ કરીને પ્રભુને ધરવી. પુષ્ટિમાર્ગમાં આજે જે અન્નકૂટ મનોરથ થાય છે, તેનો મૂળ ભાવ આ આન્યોરની બેઠકજીમાં છુપાયેલો છે.

આ બેઠકજીનું એક મોટું મહત્વ એ છે કે તે સમયે વ્રજવાસીઓ પ્રભુને 'દેવદમન' અથવા 'નાગદમન' તરીકે ઓળખતા હતા. પણ જ્યારે મહાપ્રભુજી આન્યોર પધાર્યા અને તેમણે પ્રભુના સ્વરૂપને ઓળખ્યું, ત્યારે તેમણે પ્રથમવાર તેમને 'શ્રીનાથજી' (લક્ષ્મીજીના નાથ) કહીને સંબોધ્યા. આમ, પ્રભુનું પુષ્ટિમાર્ગીય નામકરણ આ બેઠકજીના પ્રભાવ હેઠળ થયું હતું.

આ બેઠકજી પર જ મહાપ્રભુજીએ તેમના ખાસ સેવકો રામદાસજી અને અષ્ટછાપ કવિ કુંભનદાસજીને સેવાની રીત સમજાવી હતી.

કુંભનદાસજીએ અહીં જ ઠાકોરજીના સ્વરૂપના દર્શન કરીને અનેક પદોની રચના કરી હતી.

પુષ્ટિમાર્ગીય ગ્રંથોમાં આ મિલનને 'નરચંદ્ર' અને 'દેવચંદ્ર' ના મિલન તરીકે ઓળખવામાં આવે છે.

મહાપ્રભુજી (ગુરુ તત્વ) અને શ્રીનાથજી (પરમાત્મા તત્વ) જ્યારે આન્યોરમાં એકબીજાને ભેટ્યા, ત્યારે પૃથ્વી પર એક દિવ્ય પ્રકાશ ફેલાઈ ગયો હતો.

આ બેઠકજી એ વાતનું પ્રમાણ છે કે ગુરુ અને ગોવિંદમાં કોઈ ભેદ નથી.

જો તમે ક્યારેય આન્યોર જાવ, તો બેઠકજીમાં બિરાજીને થોડીવાર મૌન રહેજો.

ત્યાંની હવા અને પર્વતની શીલાઓમાંથી એક અજીબ પ્રકારનો 'ગુંજારવ' સંભળાય છે.

મુખિયાજી અને પ્રાચીન વૈષ્ણવો કહે છે કે અહીં કરેલા 'મધુરાષ્ટકમ્' ના પાઠ સીધા શ્રીનાથજી સુધી પહોંચે છે કારણ કે આ તેમનું પ્રાગટ્ય સ્થાન છે.

છઠ્ઠી બેઠક એ "વૈકુંઠનું પ્રવેશદ્વાર" ગણાય છે. અહીં ભગવાને પોતે સ્વીકાર્યું હતું કે તેઓ મહાપ્રભુજીના વંશ અને તેમના શરણે આવેલા જીવો પર સદાય કૃપા રાખશે.

છઠ્ઠી બેઠક એ 'મિલન' અને 'પ્રાગટ્ય' ની બેઠક છે. અહીં ભગવાન અને ભક્ત વચ્ચેના અંતરનો નાશ થયો હતો.

જય શ્રી કૃષ્ણ... રાધે રાધે....

# PARIN SHAH

INSURANCE & INVESTMENT ADVISOR

647-673-3344 parinmshah@gmail.com



## EXPLORE PART-TIME OPPORTUNITIES

**Insurance and Investment**

### Benefits:

- We'll reimburse initial expenses and fees for serious candidates
- Part-time opportunity with flexible hours
- Coaching and Training throughout the journey
- A Comprehensive understanding of Investments and Insurance: The Mechanics of Money Management
- Effectively manage your personal finances
- Commission-based earning opportunity

Call Me | Schedule an appointment | Mortgage Solution | Auto & Home Insurance

For the past decade, we have provided a wide range of financial products to support clients' peace of mind and well-being. Our services include:

- **Life Insurance** for loved ones' security
- **Travel, Visitor, and Super Visa Insurance** for journey protection
- **Health, Dental, and Vision Insurance** for medical needs
- **Disability Insurance** for unforeseen circumstances
- **Financial Need Analysis** for effective planning
- **Debt Consolidation** to manage financial burdens
- **Investment** options like **RRSP, TFSA, FHSA, and RESP** for future savings

# મૃત્યુ એ જ જીવન છે.....



લેખક
શ્રીમતી મિનાક્ષી અ. કરમરકર

જીવનને અસામાન્ય અશાંતિના વમળમાંથી બહાર લાવી, શાશ્વત શાંતિના કાયમી મુકામે પહોંચાડવાનો કુદરતે આપેલો અંતિમ માર્ગ એટલે મૃત્યુ.

ગીતામાં કહેવાયું છે કે, "આત્મા સ્થૂલ શરીર ધારણ કરીને કાન, આંખ, ત્વચા, જીભ, નાક અને મન જેવા ઈન્દ્રિયો પ્રાપ્ત કરે છે અને તેમના આશ્રયથી વિવિધ વિષયોનો ભોગ કરે છે." બાબાએ પણ "સાંઈ સચ્ચરિત્ર" ના અધ્યાય ૨૪ માં જણાવ્યું છે કે આપણી ઈન્દ્રિયો, મન કે બુદ્ધિથી કોઈ વસ્તુનો ઉપયોગ કરીએ તે પહેલાં આપણે બાબાનું સ્મરણ કરવું જોઈએ. આમ કરવાથી તે વસ્તુ તેમને અર્પણ કરેલી ગણાય છે કારણ કે, ઈન્દ્રિયો યોગ્ય પદાર્થ વિના રહી શકતી નથી પરંતુ જો તે પદાર્થ પ્રથમ ગુરૂને, પોતાના આરાધ્ય દેવને અર્પણ કરીએ તો તેના પ્રત્યેનો રાગ સ્વાભાવિક રીતે નષ્ટ થાય છે. આ રીતે કામના, ક્રોધ, લોભ વગેરે વૃત્તિઓ પણ પ્રથમ ગુરૂને અર્પણ કરવી જોઈએ. આમ વર્તવાથી આ તમામ વૃત્તિઓ મૂળમાંથી કાઢવામાં બાબા આપણી મદદ કરે છે.

કોઈ વસ્તુનો ઉપયોગ કરતાં પહેલાં જો આપણે માનીએ કે બાબા આપણી પાસે હાજર છે તો તે વસ્તુ ઉપયોગ કરવા યોગ્ય છે કે નહીં એવો પ્રશ્ન સહજ ઊભો થાય. પછી જે પદાર્થ ઉપયોગ યોગ્ય ન હોય તેનો ત્યાગ કરીશું. આ રીતે આપણી ખરાબ ટેવો તથા દુર્ગુણ ઘટશે અને આપનું ચારિત્ય સુધરશે. પરિણામે ગુરૂ પ્રત્યે પ્રેમ વધશે તથા શુદ્ધ જ્ઞાનની સ્ફૂરણા થશે. જ્ઞાન વધતાં દેહભાવનું બંધન તૂટી જશે અને બુદ્ધિ આત્મભાવમાં લીન થશે. અંતે આપણે સુખ અને સંતોષ પ્રાપ્ત કરીશું. ગુરૂ અને ઈશ્વર વચ્ચેનો ભેદ રહેશે નહીં. જે ભેદ રાખે તેને ઈશ્વરદર્શન થતું નથી. તેથી ભેદનો ત્યાગ કરીને ગુરૂ અને ઈશ્વર એક જ છે એમ માનવું જોઈએ. ગુરૂની સેવા કરીએ તો આત્મદર્શન થશે.

ટૂંકમાં, પ્રથમ ગુરૂનું સ્મરણ કર્યા વિના કોઈ ઇન્દ્રિય ભોગવસ્તુનો ઉપયોગ કરવો નહીં. મન આ માર્ગે સ્થિર થશે ત્યારે આપણે સદા બાબાનું સગુણરૂપ આંખો સમક્ષ રાખી શકીશું. પછી ભક્તિ, વૈરાગ્ય અને મોક્ષ સહેલાઈથી પ્રાપ્ત થશે. મનચક્ષુ સમક્ષ બાબાનું સ્વરૂપ ઉભું થતાં ભૂખ, તરસ અને સમગ્ર સંસાર ભૂલાઈ જાય. સંસારિક વસ્તુઓ પ્રત્યેનો ભાવ અદ્રશ્ય બની હૃદયમાં સુખશાંતિ થાય. આ રીતે જન્મમરણના ફેરામાંથી મુક્તિ મળે. આપણું અંતિમ ધ્યેય "સાંઈમય" બનવાનું છે.

ઉતાવળે જીવીએ અને પછી નિરાંતે મરવાનું- આ આજની સત્ય વાસ્તવિકતા છે. જીવન જીવવા માટે છે તો તેને સારી રીતે, આનંદથી જીવવું. જીવન થોડા સમયનું છે; વારંવાર માપવાથી તેની લંબાઈ વધતી નથી. મનુષ્યે પોતે કરેલા કર્મનું ફળ ભગવાનને અર્પણ કરતા રહેવું એ પણ પુનર્જન્મના ફેરામાંથી મુક્તિનો માર્ગ છે. જન્મમરણમાંથી મુક્ત થવા માટે નીચેના માર્ગ અપનાવવા જોઈએ:

સતત નામસ્મરણ કરવું

આત્માની પ્રકૃતિ, કર્મના નિયમો, પુનર્જન્મની પ્રક્રિયા અને આત્મજ્ઞાન માટે ધાર્મિક ગ્રંથોનું વાંચન કરવું

પવિત્ર, નિરામિષ આહાર લઈ પહેલાં સાંઈને અર્પણ કરવો

થોડા સમય પહેલાં મારા ઘરે પૂજા હતી. ગાયત્રી મંદિરના ગુરૂજી આવ્યા હતા. યજ્ઞની અંતિમ આહુતિ વખતે બાળકો અને ભક્તોને કહેવામાં આવ્યું કે દરેકે પોતાના એક દુર્ગુણની આહુતિ આપવી અને ફરી તે દુર્ગુણનો અમલ ન થાય તેનું ધ્યાન રાખવું. જેમ આપણે દરરોજ પાંચ મિનિટ પ્રભુપૂજા કરીએ છીએ તેમ પાંચ મિનિટ "હું મૃત્યુ પામ્યો છું" એમ માની ધ્યાન કરવું. માનવ સ્વભાવ એવો છે કે જેની ટેવ પડી જાય તેનો ડર રહેતો નથી. તેથી મૃત્યુ આવે ત્યારે ભય નહીં રહે પરંતુ આત્મા અને પરમાત્માના મિલનની અનુભૂતિ થશે. મૃત્યુ પછી મનુષ્ય દેહિક સંબંધો ભૂલી જાય છે. ઊંઘ દરમિયાન પણ આપણે શરીર અને સંબંધો ભૂલી જઈએ છીએ. તેથી જીવનમાં વહેલી તકે મૃત્યુ સ્વીકારવાની તાલીમ લેવી જોઈએ.

**મૃત્યુ – અગણિત દુઃખોમાં એક સુખ**

**મૃત્યુ – અગણિત નિરાશામાં એક આશા**

**મૃત્યુ – લાંબી યાત્રા પછીનો આરામ**

**મૃત્યુ – અગણિત દુશ્મનોમાં એક સ્વજન**

**મૃત્યુ – પ્રેમાળ જીવનસાથી પછીનો સાથી**

**મૃત્યુ – અગણિત જૂઠામાં એક કડવું સત્ય**

**મૃત્યુ – જીવનરૂપ દિવસ પછીની લાંબી અંધારી રાત**



આપણે હંમેશા સમજવું જોઈએ કે "હું આત્મા છું અને મને શરીર છે." પરંતુ સમજ આવ્યા પછી આપણે આકાર, માયા અને સંબંધોમાં અટવાઈ જઈએ છીએ. મા, પિતા, રમકડાં –બધું આપણે શરીર અને આકારથી જ ઓળખીએ છીએ. અરે, ભગવાનને પણ આપણે આકારમાં જ જોઈએ છીએ. બાબાને કદી આત્મા સ્વરૂપે જોવા પ્રયત્ન કર્યો છે? બાબાનું સ્મરણ કરીએ એટલે આંખ સામે સિંહાસન કે પથ્થર પર બેઠેલા દાઢીવાળા સંતનું ચિત્ર આવે છે ને!

આખું જીવન શરીરને ઓળખતા રહ્યા હોઈએ અને અંત સમયે મનને સમજાવીએ કે "તું શરીરને નહીં, તેમાં રહેલા આત્માને જો." એ કેવી રીતે શક્ય છે? રોજેરોજ લોકો મરે છે, સૌ પોતાની આંખે જોયા છતાં, "હું નથી મરવાનો" એ પણ મહાન આશ્ચર્ય છે! જે વ્યક્તિએ પ્રિયજનનું મૃત્યુ નજીકથી જોયું છે, નિષ્ક્રિય શરીર પર હાથ ફેરવ્યો છે અને તેમાં કોઈ સ્પંદન અનુભવ્યું નથી એ વ્યક્તિએ મૃત્યુની ગંભીરતા અનુભવી છે. પગની બરફ જેવી ઠંડી, કંપતા હાથથી બંધ કરેલી આંખો, અને શરીર પથ્થર જેવું કઠોર થઈ જવું - આ બધું મૃત્યુની સત્યતા દર્શાવે છે. મૃત્યુ સત્ય છે. જે ક્ષણે જન્મ થાય છે તે ક્ષણથી જ મૃત્યુની ગણતરી શરૂ થાય છે. આપણે જે જે વસ્તુઓ અને વ્યક્તિઓ જોઈ રહ્યા છીએ એ બધાની ઉપર અદ્રશ્ય "expiry date" લખેલી છે. "અથાતો નમઃ" જેટલું સત્ય છે એટલું જ "અનથાતો નમઃ" પણ સત્ય છે. મૃત્યુ પાંખ કરતાં હળવું પણ છે અને પહાડ કરતાં ભારે પણ છે.

અગ્નિસંસ્કારની વિધિને ઈંગ્લેન્ડમાં "ashes" અને અમેરિકા માં "cre-mains" કહે છે. અસ્થિ જીવતાને મળેલી મૃતકની ભેટ છે. સામાન્ય રીતે "મૃત્યુ પામ્યા" એવું કહેવામાં આવે છે, "જીવન પામ્યા" એવું નથી કહેતા. મૃત્યુ જીવનની ઉપલબ્ધિ છે. પ્રાપ્તિ છે. સિદ્ધિ છે. અશ્વત્થામા, બલિરાજા, વ્યાસદેવ, હનુમાનજી, વિભીષણ, કૃપાચાર્ય અને પરશુરામ - આ સાત ચિરંજીવી માનવામાં આવે છે જે આજે પણ આપણી વચ્ચે અજરાઅમર છે.

ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે, જેમ જીવાત્માને આ દેહમાં બાળપણ, યુવાની અને વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થાય છે, તેવી જ રીતે મૃત્યુ પછી બીજું શરીર મળે છે. આપણે જીવનમાં મુસાફરી માટે વાહનોનો ઉપયોગ કરીએ છીએ, તેવી જ રીતે આત્મા શરીરનો ઉપયોગ કરે છે. કર્મ પૂરા થતાં જ આત્મા નવા શરીરમાં નવા કર્મ કરવા નીકળી પડે છે. દેહ છોડતી વખતે મનુષ્ય જે ભાવ રાખે છે તે જ ભાવ આગળના જન્મમાં પ્રાપ્ત થાય છે. મૃત્યુ નાશ નથી, કારણ કે આત્મા અમર છે અને વિવિધ દેહોમાંથી પસાર થાય છે. જેમ કેઃ હું ખનિજ તરીકે મર્યો અને છોડ થયો, હું છોડ તરીકે મરીને પશુ થયો. હું પશુ તરીકે મર્યો અને માણસ થયો, તો હું કેમ ડરું? મૃત્યુથી હું ક્યારે ઓછો થયો?

બાળપણમાં સાંભળેલી એક વાર્તા અહીં મારા પ્રિય વાચકો આગળ રજુ કરૂં છું. એક વૃદ્ધ માતા એકલી રહેતી. ગુજરાન માટે રોજ સાંજે ગાયના છાણ ભેગા કરીને ઉપલા બનાવતી અને વેચતી. એક દિવસ છાણ ભરેલો ટોપલો ઉઠાવતા આંખમાં આંસુ આવી ગયા અને બોલીઃ "આ મારી ઉંમરે આ કામ કરવું આ શું જીવન છે? મને મૃત્યુ પણ આવતું નથી." ભગવાને સાંભળ્યું અને મૃત્યુ સામે આવી ગયું. મૃત્યુએ પૂછ્યુંઃ "માતા, મને કેમ યાદ કર્યું?" વૃદ્ધાએ તરત કહ્યુંઃ "બેટા, આ ટોપલો માથે ચઢાવવો હતો એટલે તને યાદ કર્યો!" આપણે પણ મરવાની વાત કરીએ છીએ, પણ મૃત્યુ સામે આવે તો ફરી જીવનનો ભાર ઉઠાવી લઈએ છીએ. જન્મ વખતે દુઃખમાં મૃત્યુ ભૂલી જઈએ છીએ અને મરતી વખતે જીવવાની ઈચ્છા રહે છે. એટલે આપણે જીવતા પણ નથી આવડતું અને મરતા પણ નથી આવડતું.

આત્મા બુદ્ધિ કરતાં પણ ઊંચો છે. આત્માને જન્મ નથી, મૃત્યુ નથી. તે સનાતન છે. શરીર નાશ પામે છે, આત્મા નાશ પામતો નથી. જીવનમાં મર્યાદાઓ હોય છતાં નાની નાની ખુશીઓ વહેંચીએ તો ફરિયાદ રહેતી નથી. જીવનનો વિશ્વાસ નથી, તેથી "કાલે કરીશું" એવું ટાળવું નહીં અને જન્મોજન્મ આપણી સાથે દાન-ધર્મ-જ્ઞાન આવે છે એનું સતત સ્મરણ રાખી સેવાકાર્યો કર્યા જ કરવું એ જ મૃત્યુ ઉપર વિજય છે.

**કાલ કરે સો આજ કર, આજ કરે સો અબ**
**સમયની થાપટ વાગે ત્યારે અલવિદા થઈ જશે**
**લાખ પ્રયત્ન કરો, પછી પ્રેમનો લ્હાવો નહીં મળે**
**જીવતા હો ત્યારે હૃદયથી પ્રેમ કરો, દાન-ધર્મ કરો**

પાંચ તત્વમાં ભળી ગયા પછી અસ્થિઓ ગંગામાં વહાવી શું કરશો?






# 35+ years of Experience in Insurance Industry

★★★★★

Secure Your Tomorrow by Choosing Smart Insurance Options with Rajendra



RAJENDRA PARMAR
FINANCIAL ASSOCIATE

## Key Offerings

- Life Insurance
- Super Visa Insurance
- Visitor Visa Insurance
- Critical illness Insurance
- Disability Insurance
- Dental & Health Insurance
- Group Insurance
- Registered Education Savings Plan (RESP)
- Registered Retirement Savings Plan (RRSP)
- Segregated Funds & Investment
- Wills & Retirement Planning
- Financial Literacy for Companies
- Mortgages & Budget Planning

**FREE INSURANCE QUOTE**

** અમે ગુજરાતી બોલીએ છીએ **

RAJENDRA PARMAR

Phone Number:
CANADA : 226-552-9547
INDIA OFFICE :+919879579547
Email :
rajugeeta67@gmail.com

# વિવિધ નક્ષત્રોમાં જન્મેલા જાતકોનું ભવિષ્ય

જ્યોતિષ- આચાર્ય શ્રી સુરેશભાઈ ગાંધી- કેનેડા






૧) અશ્વિની: આ નક્ષત્રમાં જન્મનાર જાતક સ્વરૂપવાન, મોટાઓની સેવા કરનાર, ચતુર, બુદ્ધિવાન, ધાર્મિક, યશસ્વી, ભારે શરીરવાળો, સત્ય પ્રવાસપ્રિય, પુત્ર સુખ મેળવનાર, સુખી અને દીર્ઘાયુષી થાય છે. અશ્વિની પહેલા ચરણમાં જન્મનાર લોભનું ધન હરનાર, બીજા ચરણમાં જન્મનાર અલ્પક્ષેત્રમાં ઉત્તમ ભાગ્યસુખ પામનાર, અંતિમ ચરણમાં જન્મનાર દીર્ઘાયુષી બને છે. સ્ત્રી જાતક ગુણલક્ષણ પ્રિયવક્તા હોય છે. સાથે સાથે વાચક મિત્રો માટે એક વાત કહી દઉં છું કે દરેક નક્ષત્રોના ચાર ચરણ હોય છે અને દરેક ચરણનું જુદું જુદું ફળ હોય છે.

૨) ભરણી: આ નક્ષત્રમાં જન્મનાર જાતક નીરોગી, સ્વાર્થી, અન્યની સ્ત્રીમાં રસ લેનાર, સામાજિક સ્વીકૃતિ, પ્રશંસા પામનાર, ક્રૂર, સામાન્ય બુદ્ધિવાળો હોય છે. પ્રથમ ચરણમાં જન્મનાર ત્યાગી, બીજામાં ધનવાન, ત્રીજા ચરણમાં કુકર્મ કરનાર, અંતિમ ચરણમાં જન્મ હોય તો ધન ગુમાવનાર બને છે.

૩) કૃતિકા: આ નક્ષત્રમાં જન્મનાર તેજસ્વી, વિદ્યાવાન, પંડિત, કર્મકાંડી, રસાયણ શાસ્ત્રી, ખાઉધરો, પાપકર્મી, લોભી, ક્રોધી અને ચર્મરોગ પીડિત બને છે. ચોથા ચરણમાં જન્મ હોય તો દીર્ઘાયુષી બને છે. સ્ત્રી જાતક ઝઘડાખોર, બેધડક વતરની હોય છે.

૪) રોહિણી: સત્યવાદી, પાત્ર, મધુરભાષી, પારકાની ટીકા કરનાર, કૃશ શરીરવાળો, ડરપોક, બુદ્ધિશાળી, અન્યની સ્ત્રીમાં આસક્ત થાય છે. શ્રીમંત, વેપારી, પ્રેમાળ સ્વભાવ ધરાવનાર મેઘાવી અને રાજદ્વારે આદર પામનાર થાય છે.

મૃગશીર્ષ: ચંચળ, ડરપોક, રાજપક્ષેથી વ્યવસાય કે ધન મેળવનાર, અહંકારી, સંપત્તિવાન, ધર્મકાર્ય કરનાર, વિનયી, કદરદાન, સારા સામાજિક સંબંધો મિલાવનાર, સુગંધિત પદાર્થો પશુ પંખી તરફ વિશેષ રૂચિ રાખનાર આવા જાતકો વાચાળ હોય છે.

૫) આદ્રા: આ નક્ષત્રમાં જન્મનાર ભોજનપ્રિય, રૂક્ષ કાંતિવાળો, ખેતીકામમાં પ્રિય, ક્રોધી, ગર્વિષ્ઠ, કૃતઘ્ન, ઉગ્ર સ્વભાવવાળો, જયશીલ, પારકું ધન મેળવવાની ઈચ્છાવાળો, હઠીલો અને અલ્પાયુ હોય છે. સ્ત્રી જાતક કદરૂપી, કલેશ કરનાર હોય છે.

૬) પુનર્વસુ: આ નક્ષત્રમાં જન્મનાર શાંત સ્વભાવ, સુખી, ભોગી, લોકપ્રિય, મૃદુભાષી, કલા કૌશલ્ય સંપન્ન, ઈશ્વરભક્ત, વિદ્યાવાન, ન્યાયપ્રેમી, સત્વગુણી, ન્યાયપ્રિય અને ન્યાયપથ, બહુ સંતાનવાન હોય છે.

૭) પુષ્ય: સુંદર દેખાવ, આકર્ષક વ્યક્તિત્વ, માતા-પિતાની સેવા કરનાર, પુષ્ય નક્ષત્રના જાતકો વિષય સુખમાં વધુ રુચિ ધરાવે છે. ધાર્મિક ભાવનાવાળા, સુખી, પ્રશંસાવાન, ધનધાન્ય યુક્ત, સત્વગુણી, અંતર્મુખી સ્વભાવના હોય છે. સ્ત્રી ધાર્મિક, શક્તિશાળી, વિશાળ હૃદયની હોય છે.

૮) આશ્લેષા: સમાજ વિરોધી પ્રવૃત્તિ કરનાર, શઠ, ધૂર્ત, સન્માર્ગે ધન મળવા છતાં વ્યર્થ વેડફી દેનાર, રખડુ, કામાતુર, પહેલા ચરણમાં જન્મ હોય તો સંતાન વિહોણા, આવા જાતક સ્વાર્થી હોય છે. રાજમાનસ સાહસવીર, મંદબુદ્ધિ, સ્વચ્છંદી અને વૈભવ પ્રિય હોય છે. પતિપ્રેમ ગુમાવનાર, આ નક્ષત્રમાં જન્મેલી કન્યા સાધારણ દેખાવની હોય છે.

૯) મઘા: આ નક્ષત્રમાં જન્મનાર ઉચ્ચ અધિકારી, સમાજ સેવક, કઠોર હૃદય, પિતાનો ભક્ત, તીવ્ર સ્વભાવ, વિદ્યાવાન, નિઃસ્વાર્થી, બુદ્ધિશાળી, બહાદુર, શ્યામવર્ણી, સ્ત્રીઓનો દ્વેષ કરનાર, ઉદ્યોગનેતા, સેનાપતિ થાય છે. સ્ત્રી જાતક ભોજનપ્રિય, ધાર્મિક વૃત્તિની હોય છે.

૧૦) પૂર્વા ફાલ્ગુની: વિદ્વાન, સ્ત્રીઓમાં આસક્ત, કામી, સત્વગુણી, પ્રવાસપ્રિય, ત્યાગી, સાહસી, લુચ્ચો, ચતુર, ગર્વિષ્ઠ, સ્ત્રી હોય તો શીલ વગરની, લોભી, ક્રોધી, મહત્વાકાંક્ષી, પુરુષ જાતક ભોગી, દાનવીર, સત્વગુણી, નાટ્ય કલાપ્રેમી છતાં ક્રૂર સ્વભાવનો હોય છે.




D|P
DHARMENDRA PATEL

# DHARMENDRA PATEL

FINANCIAL ADVISOR

## INSURANCE

Life & Critical Illness Insurance
Mortgage Protection Insurance
Travel & Super Visa Insurance
Disability Insurance
Medical Insurance

## INVESTMENTS

RRSP, RDSP, TFSA, RRIF & Annuities
Children Education Plans
Estate Planning



Contact : (647) 834-8690
@ Dharmendrapatel@primerica.com

# insureline PEARL

COMMERCIAL HOME AUTO TRAVEL

**Dharmendra Patel** RIBO

M : 647 834 8690
O : 647 507 9219 | F: 647 872 9219
dharma.patel@insureline.com | www.insurelinepearl.com
7900 Hurontario Street, Unit 302 Brampton, ON L6Y OP6
Independently Owned & Operated




# કેનેડામાં સુહૃદ સ્પોર્ટ્સ ક્લબ દ્વારા આત્મીય ક્રિકેટ ટુર્નામેન્ટ સીઝન-5 માટે ભવ્ય ઓક્શન સમારોહ યોજાયો




















કેનેડા ખાતે શ્રી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (હરિધામ સોખડા) ના સુહૃદ સ્પોર્ટ્સ ક્લબ દ્વારા આગામી વર્ષના મે મહિનામાં યોજાનારી આત્મીય ક્રિકેટ ટુર્નામેન્ટ (સીઝન-5) ને અનુલક્ષીને ભવ્ય ઓક્શન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં યુવાનો ઉપસ્થિત રહ્યા હતા અને સમગ્ર વાતાવરણ ઉત્સાહ અને ઉમંગથી ભરાયું હતું.

ઓક્શન દરમિયાન દરેક ટીમના કેપ્ટનને $30,000 ની પોકેટ મની આપવામાં આવી હતી. તેમાં સૌથી મોંઘો ખેલાડી $17,000માં ખરીદાયો હતો, જે કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ બન્યું હતું. કુલ 14 ટીમોના ખેલાડીઓનું ઓક્શન સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું. ખેલાડીઓની પસંદગી અને ટીમોની રચનાએ સમગ્ર સમારોહને રોમાંચક અને યાદગાર બનાવ્યો હતો.

## 14 ટીમોના ખેલાડીઓનું સફળ ઓક્શન પૂર્ણ, $17,000માં સૌથી મોંઘો ખેલાડી ખરીદાયો, દરેક ટીમને $30,000 પોકેટ મની સાથે યુવાનોમાં ઉત્સાહ અને આત્મીયતાનું માહોલ સર્જાયો, ગુરુહરીના આશીર્વાદથી ફિટનેસ, એકતા અને આધ્યાત્મિકતા પ્રેરતું રમતોત્સવ માટે ભવ્ય શરૂઆત

પૂજ્ય ગુરુ હરિપ્રસાદ સ્વામિજી અને પ્રગટ ગુરુહરી પ્રેમસ્વામીજીના આશીર્વાદ અને પ્રેરણાથી દર વર્ષે યોજાતી આ ક્રિકેટ ટુર્નામેન્ટનો મુખ્ય હેતુ માત્ર રમતગમત પૂરતો મર્યાદિત નથી, પરંતુ યુવાનોમાં ફિટનેસ, આનંદ અને પારસ્પરિક એકતા વધે અને યુવાનો એકત્ર થઈ પરસ્પર આત્મીયતા સાથે રમતમાં જોડાય અને આધ્યાત્મિકતા સાથે જીવનમાં આનંદનો અનુભવ કરે.

આ પ્રસંગે ચાલુ વર્ષના સ્પોન્સર મિત્રો પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમની નોંધપાત્ર સેવાઓ બદલ તેમને સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા, જે તેમના પ્રત્યેની કૃતજ્ઞતા વ્યક્ત કરતું હતું.

આ રીતે આ ઓક્શન સમારોહ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો અને આવનારી આત્મીય ક્રિકેટ ટુર્નામેન્ટ માટે એક ઉત્સાહજનક શરૂઆત સાબિત થયો છે.









**ટાઈટલ સ્પોન્સરર શ્રી યતીનકુમાર ચોવટીયાના સહયોગથી આત્મીય ક્રિકેટ ટુર્નામેન્ટ સીઝન-5ને મળ્યો વધુ ઉત્સાહ અને પ્રેરણાનો આધાર**



## Vraj Community Services

# 🏆 Third Annual Carom Tournament – 2026 🏆

Dear Carom Enthusiasts,

Get ready to showcase your skills and strategic brilliance at our Third Annual Carom Tournament! Whether you're a seasoned player or just starting out, this is your chance to compete, learn, and enjoy the spirit of the game.

- **Date:** May 9, 2026
- **Location:** 8811 Mississauga Rd, Brampton
- **Time:** 9:30 AM – 4:00 PM
- **Prizes:** Certificates & Medals

**Registration Details:**

- ✅ Entry Fee: $20
- ✅ Registration Deadline: May 2, 2026

**Register with:**

Jayesh Shah: 647-867-8110
Urvish Parikh: 416-918-2492

**Payment:**

E-transfer to accounts@vrajcommunity.org

Don't miss this exciting opportunity to test your skills, connect with fellow carom lovers, and enjoy a fun-filled day of competition and community.

Limited spots available – Register early!

We look forward to seeing you at the tournament!

## Vraj Community Services

# Chess Tournament Announcement

## Third Annual Competition

Dear Chess Enthusiasts,

Get ready to showcase your skills and strategic brilliance in our upcoming Tournament. Whether you're a seasoned player or just starting out, this is your chance to compete, learn, and enjoy the game.

### Event Details

- **Date:** May 2, 2026.
- **Location:** 8811 Mississauga Rd, Brampton.
- **Time:** 9:30 am to 4 PM.
- **Prizes:** Certificate and Medals.

### Registration Details

- **Entry Fee:** $20.00
- **Registration Deadline:** April 26
- **How to Register:**

| | |
|---|---|
| Jayesh Shah | 6478678110 |
| Parag Parikh | 4168711554 |
| Urvish Parikh | 4169182492 |

Don't miss this exciting opportunity to test your skills and meet fellow chess lovers. We look forward to seeing you at the board!

**For Fees:** e-transfer to accounts@vrajcommunity.org

**May the best strategist win!**


# MURTI'S KITCHEN

| Sweets | Farsan | Snacks |
|---|---|---|
| Dal-Bati | Ladu(Gud/Sugar) | Fulwadi |
| Dakor na Gota | Mohanthhal | Khaman(Vatidal ) |
| Pavbhaji | Magas | Khaman(Nylon ) |
| Vadapav | Mysore Pak | Sev Khamani |
| Dabeli | Penda | Fafda |
| Papdi no lot | Kopra pak | Chole Bhature |
| Lilva Kachori | | Patties |

**Winter Special**

***METHI-PAK, ADADIYA-PAK, Khajur Pak (roll)***

And Many more.

Swaminarayan & Farar food Available

**We do Catering**

Family Events · Birthday Event · Office Event · Wedding

ફ્રેશ...ટેસ્ટી
Murti's Kitchen

CALL US FOR MORE DETAILS
647-389-7549

# હોમિયોપેથી : સશક્ત સારવાર

દર વર્ષે 10 એપ્રિલના રોજ, વિશ્વ હોમિયોપેથી દિવસ (World Homeopathy Day) મનાવવામાં આવે છે. આ દિવસ હોમિયોપેથીના સ્થાપક ડૉ. ક્રિશ્ચિયન ફ્રેડરિક સેમ્યુઅલ હેનેમેનની સ્મૃતિમાં ઉજવવામાં આવે છે. ડૉ. ક્રિશ્ચિયન ફ્રેડરિક સેમ્યુઅલ હેનેમેન, ૧૭૫૫માં જર્મનીમાં જન્મેલા જાણીતા ચિકિત્સક છે. આ દિવસ હોમિયોપેથીના વધુ વિકાસ માટે સમજણ અને વ્યૂહરચનાઓનું આયોજન કરે છે અને ઉદ્ભવતા પડકાર માટે અસરકારક પગલાંનું અમલીકરણ સુનિશ્ચિત કરે છે. હોમિયોપેથી ગ્રીક શબ્દો હોમિયો પરથી આવ્યો છે, જેનો અર્થ સમાન થાય છે, અને પેથોસ, જેનો અર્થ દુઃખ અથવા રોગ થાય છે. દવાનું આ વૈકલ્પિક સ્વરૂપ માને છે કે "રોગ પેદા કરવામાં પ્રેરતા ઘટકો જ ઈલાજ કરે". બીજા શબ્દોમાં કહીએ તો, જે ઘટકો ઉક્ત બીમારીના લક્ષણોને પ્રેરિત કરે છે તે જ રોગને મટાડે છે. ઉદાહરણ તરીકે, લાલ ડુંગળી આંખોમાં પાણી લાવવા માટે જાણીતી છે. આ કારણોસર, હોમિયોપેથી એલર્જી ઉપચારમાં લાલ ડુંગળીનો ઉપયોગ એક ઘટક તરીકે કરે છે.

હોમિયોપેથી માને છે કે જે ઘટકો લક્ષણોને પ્રેરિત કરે છે તે શરીરની ઉપચાર પ્રણાલીને પણ ઉત્તેજિત કરે છે. આ હોમિયોપેથિક ઘટકોમાં વનસ્પતિ, પ્રાણી, ખનિજ અને કૃત્રિમ પદાર્થોનો સમાવેશ થાય છે. ઘટકો સામાન્ય રીતે ખૂબ જ મંદ, આછા ને પાતળા હોય છે. મોટાભાગે, પશ્ચિમી દવા હોમિયોપેથીની પ્રથાને નકારી કાઢે છે. જો કે, એવા વિવિધ દસ્તાવેજીકૃત કિસ્સાઓ છે જ્યાં હોમિયોપેથિક પદ્ધતિઓએ લોકોને તેમના રોગમાંથી સાજા કર્યા છે. હોમિયોપેથી રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (HRI) મુજબ, વિશ્વભરમાં 200 મિલિયન લોકો નિયમિતપણે હોમિયોપેથીનો ઉપયોગ કરે છે. આમાંથી અડધા લોકો ભારતમાં છે. ભારતમાં 200,000 રજિસ્ટર્ડ હોમિયોપેથિક ડોક્ટર છે, જેમાં દર વર્ષે 12,000 ડોક્ટરનો ઉમેરો થાય છે. જો કે યુનાઈટેડ સ્ટેટ્સમાં હોમિયોપેથીનો ઉપયોગ કરનારાની સંખ્યા ઘણી ઓછી છે. આ દેશમાં લગભગ 6 મિલિયન લોકો સ્વ-સંભાળ અને ચોક્કસ સ્વાસ્થ્ય સ્થિતિઓ માટે હોમિયોપેથીનો ઉપયોગ કરે છે. બ્રાઝિલ, મેક્સિકો અને સ્વિટ્ઝર્લેન્ડ સહિત કેટલાક દેશો તેમની રાષ્ટ્રીય આરોગ્ય પ્રણાલીમાં હોમિયોપેથીનો ઉપયોગ કરે છે.

ઘણા વૈકલ્પિક દવા પ્રેક્ટિશનર આ દિવસનો ઉપયોગ તેમના દર્દીઓને હોમિયોપેથીના ફાયદાઓ વિશે શિક્ષિત કરવા માટે કરે છે. આ દિવસે ભાગ લેવા માટે, હોમિયોપેથી વિશે વધુ જાણવા માટે




સ્થાનિક હોમિયોપેથિક સેન્ટરની મુલાકાત લેવી. નીચે જણાવેલી ઘણી બધી માંદગી / બિમારીઓ માટે હોમિયોપેથીનો ઉપયોગ કરવામાં આવે છે. :

અસ્થમા, કાનના ચેપ, હતાશા અને ચિંતા, ખોરાકની એલર્જી, ત્વચાકોપ, સંધિવા, હાઈ બ્લડ પ્રેશર

છેલ્લા કેટલાક વર્ષોમાં વિશ્વ હોમિયોપેથી દિવસ (World Homeopathy Day)ની જુદી જુદી વિષયવસ્તુ (થીમ્સ) વૈશ્વિક એકીકરણ, સંશોધન અને સર્વાંગી સુખાકારી પર વધુને વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

2026: હોમિયોપેથી દ્વારા સંવાદિતા - કલ્પનાતીત ઉપચાર (Harmony through Homeopathy - Healing Beyond Borders)

2025: અધ્યાય, અધ્યાપન અને અનુસંધાન - હોમિયોપેથીમાં શિક્ષણ, શિક્ષણ અને સંશોધન ("Adhyayan, Adhyapan & Anusandhaan" - Learning, Teaching, and Research in Homeopathy)

2024: હોમિયોપરિવાર: એક આરોગ્ય, એક પરિવાર (Homeoparivar: One Health, One Family)

2023: ટકાઉ સ્વાસ્થ્ય માટે હોમિયોપેથી (Homoeopathy for Sustainable Health)

2022: સુખાકારી માટે લોકોની પસંદગી (People's Choice for Wellness)

2021: શરીરની કુદરતી સંરક્ષણ પદ્ધતિને મજબૂત બનાવવા અને COVID-19 વ્યવસ્થાપનને ટેકો આપવા પર ધ્યાન કેન્દ્રિત કરો - આ વર્ષે રોગપ્રતિકારક શક્તિ પર કેન્દ્રિત વિવિધ પ્રાદેશિક થીમ્સ માટે અપીલ કરવામાં આવેલ હતી.(Focus on strengthening the body's natural defense mechanism and supporting COVID-19 management - various regional themes focused on immunity)

2019/2020: શૈક્ષણિક સંસ્થાઓ અને સંશોધન સાથે હોમિયોપેથીને જોડવી - સંશોધન અને વ્યાવસાયિક શિક્ષણને મજબૂત બનાવવા પર ધ્યાન



સંકલન
**હસમુખ બી. પટેલ**
'હર્ષ'-'પરખ'
અમદાવાદ-નારદીપુર
Mob No
98792 02380
E Mail
patelh166@gmail.com

કેન્દ્રિત કરો (Linking Homeopathy with Educational Institutions & Research - Focus on strengthening research and professional education)

2016: આરોગ્ય સંભાળમાં હોમિયોપેથીનું સંકલન (Integrating Homoeopathy in Healthcare)

આ બધી વિષયવસ્તુ મહદઅંશે નીચેના મુદ્દાઓ માટે સતત સંલગ્ન રહે એ રીતે નક્કી કરવામાં આવી હતી. ભૂતકાળની વિષયવસ્તુ (થીમ્સ) ઉપરથી સામાન્ય તારણો:

એકીકરણ: હાલ વર્તમાન સમયે મુખ્ય પ્રવાહના આરોગ્ય સંભાળમાં હોમિયોપેથીને એકીકૃત કરવા પર સતત ધ્યાન કેન્દ્રિત કરવું.

સંશોધન અને પુરાવા: ઘણા વર્ષોથી ક્લિનિકલ પુરાવા અને સંશોધન-આધારિત પ્રેક્ટિસની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો છે.

વૈશ્વિક આરોગ્ય: તાજેતરની વિષયવસ્તુ (થીમ્સ) વૈશ્વિક સુખાકારીમાં હોમિયોપેથીની ભૂમિકા પર ભાર મૂકે છે.

સંકલિત દવા: પરંપરાગત સારવારની સાથે હોમિયોપેથીની ભૂમિકાને શક્ય તેટલી અસરકારક રીતે ઉજાગર કરવી.

જાગૃતિ: હોમિયોપેથિક સારવારની સલામત અને અસરકારક પ્રથાઓ વિશે લોકોને માહિતગાર કરવા.

થીમ 2026: સરહદથી પેલે પાર દરેક જગ્યાએ ઉપચાર (Healing Without Borders) : આ વિષયવસ્તુ (થીમ) સંસ્કૃતિ, ખંડ અને ક્લિનિકલ શાખાઓમાં હોમિયોપેથીની એકીકરણ ક્ષમતાને પ્રતિબિંબિત કરે છે. વૈશ્વિક આરોગ્ય સામે ઉદ્ભવતા પડકારોના યુગમાં, WHD 2026 પરંપરાગત શાણપણ અને આધુનિક વૈજ્ઞાનિક ઉપલબ્ધિઓ વચ્ચે સંવાદને પ્રોત્સાહન આપવાનો હેતુ ધરાવે છે. આ હેતુ દ્વારા કરુણાપૂર્ણ અને સંકલિત આરોગ્ય સંભાળમાં હોમિયોપેથીની ભૂમિકાને મજબૂત બને છે.

**લંડન શા માટે?**

શિક્ષણ, સંશોધન અને આંતર-સાંસ્કૃતિક સંવાદના વૈશ્વિક કેન્દ્ર તરીકે, લંડન આ આંતરરાષ્ટ્રીય ઉજવણી માટે યોગ્ય પૃષ્ઠભૂમિ સાબિત થાય છે. શહેરનો શૈક્ષણિક વારસો, કોસ્મોપોલિટન પાત્ર અને વૈશ્વિક જોડાણ તેને પુરાવા-આધારિત હોમિયોપેથીના ભવિષ્યને આગળ વધારવા માટે એક આદર્શ સ્થળ બનાવે છે. યુનાઈટેડ કિંગડમના (ઈંગલેન્ડ) હૃદયમાં વારસો, શિષ્યવૃત્તિ અને વૈશ્વિક એકતાનું અદ્ભુત સંમિશ્રણ ઉપલબ્ધ છે. લંડનમાં યોજાનાર વિશ્વ હોમિયોપેથી દિવસ 2026 એક સીમાચિહ્નરૂપ ઘટના બનવાનું વચન આપે છે.

**વિશ્વ હોમિયોપેથી દિવસ (World Homeopathy Day) 2026 ની ઉજવણી:**

વિશ્વ હોમિયોપેથી દિવસ (World Homeopathy Day) 2026 ની આંતરરાષ્ટ્રીય પરિષદ - દિવસ 1 :

સ્થળ અને તારીખ : 10-11 એપ્રિલ 2026, લંડન, યુનાઈટેડ કિંગડમ

વિષયવસ્તુ (થીમ) : હોમિયોપેથી દ્વારા સંવાદિતા - સરહદોની પેલે પાર સર્વત્ર ઉપચાર (Harmony Through Homeopathy - Healing Beyond Borders) :


વિશ્વ હોમિયોપેથી દિવસ 2026 (WHD 2026) તારીખ 10-11 એપ્રિલ 2026 ના રોજ લંડનમાં ઉજવવામાં આવશે, જેમાં વિશ્વભરના અગ્રણી હોમિયોપેથ, શિક્ષકો, સંશોધકો અને આરોગ્યસંભાળ વ્યાવસાયિકો એકત્ર થશે. લંડન કોલેજ ઓફ હોમિયોપેથી (LCH UK) દ્વારા આયોજિત આ પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય મેળાવડાની વિષયવસ્તુ (થીમ) ખૂબ જ પ્રેરણાદાયી છે. વર્તમાન વર્ષનો આ કાર્યક્રમ હોમિયોપેથીના સ્થાપક ડૉ. સેમ્યુઅલ હેનેમેનની 271 મી જન્મજયંતિ નિમિત્તે ઉજવવામાં આવે છે, અને તેનો હેતુ પુરાવા-આધારિત અને સંકલિત હોમિયોપેથિક પ્રથાને આગળ વધારતી વખતે વૈશ્વિક સહયોગને મજબૂત બનાવવાનો છે.

**હાઉસ ઓફ લોર્ડ્સમાં ઐતિહાસિક ઉદ્ઘાટન:**

10 એપ્રિલ 2026 ના રોજ ઉદ્ઘાટન ઉજવણી બ્રિટિશ સંસદના વેસ્ટમિન્સ્ટર પેલેસમાં સ્થિત પ્રતિષ્ઠિત હાઉસ ઓફ લોર્ડ્સમાં યોજાશે. ચોલ્મોન્ડેલી રૂમમાં યોજાનારા ભવ્ય સત્ર (1-5 PM) માં વિશ્વ હોમિયોપેથી દિવસની ઉજવણી વારસો, સંવાદ અને આંતરરાષ્ટ્રીય સહયોગના પ્રતીકના માધ્યમ તરીકે કરવામાં આવશે. આ ભવ્યાતિભવ્ય સમારોહમાં સૌ પ્રથમ વિશ્વ હોમિયોપેથી દિવસની ઉજવણી એક શાનદાર ઉદ્ઘાટન દ્વારા થશે. LCH UK ના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ માટે આ જ સમારોહમાં સ્નાતક પ્રમાણપત્રો એનાયત કરવામાં આવશે. આ સમારોહમાં ઉપસ્થિત રહેનાર વિશ્વભરના તમામ પ્રતિષ્ઠિત મહેમાનોને વિશેષ પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવશે.

**વિશ્વ હોમિયોપેથી દિવસ (World Homeopathy Day) 2026 ની આંતરરાષ્ટ્રીય પરિષદ - દિવસ 2:**

11 એપ્રિલ 2026 ના રોજ, વૈજ્ઞાનિક પરિષદ રેડિસન રેડ લંડન હીથ્રો ખાતે યોજાશે. આ સ્થળ હીથ્રો એરપોર્ટથી થોડી મિનિટો દૂર સ્થિત વિશ્વ-સ્તરીય પરિષદ સુવિધાઓ અને આંતરરાષ્ટ્રીય સુલભતા પ્રદાન કરે છે. આ પરિષદમાં મુખ્ય વ્યાખ્યાનો, પેનલ ચર્ચાઓ અને આમંત્રિત પ્રસ્તુતિઓનો સમાવેશ થશે જેમાં




નીચેના મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે:

માનસિક સ્વાસ્થ્યમાં પુરાવા-આધારિત કેસ સ્ટડીઝ (Evidence-based case studies in Mental Health) :

પોસ્ટ-ઓપરેટિવ અને ઓન્કોલોજીકલ મેનેજમેન્ટ (Post-operative and Oncological management) : કેન્સરની સર્જરી પછીની સંભાળ (Post-operative care) અને ઓન્કોલોજીકલ મેનેજમેન્ટ (Oncological Management) એ દર્દીના ઝડપી સ્વસ્થ થવા અને કેન્સરને દૂર રાખવા માટે અત્યંત મહત્વપૂર્ણ છે.

આયટ્રોજેનિક રોગો (Iatrogenic diseases): આયેટ્રોજેનિક રોગો (ચિકિત્સક પ્રેરિત વ્યાધિ) એવા સ્વાસ્થ્ય સમસ્યાઓ અથવા રોગો છે જે ડૉક્ટરની સારવાર, દવાઓ, અથવા તબીબી તપાસ (નિદાન) ના પરિણામે અનિચ્છનીય રીતે ઉત્પન્ન થાય છે. Iatros એટલે "હીલર" (વૈદ્ય/ડૉક્ટર) અને "Genesis" એટલે "ઉત્પત્તિ". એટલે કે ડૉક્ટર દ્વારા થતી સારવારથી ઉદ્ભવતો રોગ.

આ પ્રકારના રોગ ચિકિત્સક પ્રેરિત વ્યાધિ (Illness caused by treatment) તરીકે ઓળખાય છે. ખોટી દવા, ખોટો ડોઝ, અથવા દવાઓની પ્રતિક્રિયા જેવા કારણો એટલે કે દવાની આડઅસરથી આ રોગો થઈ શકે છે. ઓપરેશન દરમિયાન કોઈ અન્ય અંગને નુકસાન થવાને કારણે આ રોગ થઈ શકે છે. ડૉક્ટરની બેદરકારી એટલે કે કોઈ પણ પ્રકારની તબીબી ભૂલથી આવા રોગ થઈ શકે છે. નિદાન પદ્ધતિઓ (Diagnostic Procedures) એટલે કે એક્સ-રે, સ્કેન અથવા બાયોપ્સી જેવી તપાસથી થતી સમસ્યાઓના કારણે પણ આવા રોગ થઈ શકે છે. એન્ટિબાયોટિક્સના કારણે પેટમાં ઈન્ફેક્શન થવું, સર્જરી દરમિયાન ખોટો ભાગ કાપી નાખવો, હોસ્પિટલમાં દાખલ થયા બાદ અન્ય ઈન્ફેક્શન લાગવું વિગેરે આવા પ્રકારના રોગના ઉદાહરણ છે. જો આવી બીમારી બેદરકારીને કારણે થાય, તો તે IPC 304A હેઠળ ગુનો બની શકે છે.

સ્વયંપ્રતિરક્ષા અને વૃદ્ધાવસ્થા વિકૃતિઓ (Autoimmune and geriatric disorders) :

ઓટોઈમ્યુન રોગો (Autoimmune Diseases) એક એવી સ્થિતિ છે જ્યાં શરીરની રોગપ્રતિકારક શક્તિ (Immune System) ભૂલથી શરીરના સ્વસ્થ કોષો પર હુમલો કરે છે. રુમેટોઇડ આર્થરાઈટિસ (Rheumatoid Arthritis - RA) એ સાંધાને અસર કરતો ક્રોનિક રોગ છે, જે સાંધામાં સોજો, જકડન અને દુખાવો પેદા કરે છે. ઓટોઇમ્યુન લિવર રોગ (Autoimmune Liver Disease) એ રોગ ૬૫ વર્ષથી વધુ ઉંમરની મહિલાઓમાં ઝડપથી વધી રહ્યો છે. લ્યુપસ (Lupus) નામક રોગ ત્વચા, સાંધા અને અન્ય અંગોને અસર કરી શકે છે. જેરિયાટ્રિક (વૃદ્ધાવસ્થા) રોગો (Geriatric Disorders) મુખ્યત્વે ૬૫ વર્ષથી વધુ ઉંમરના લોકોમાં જોવા મળે છે. સામાન્ય રીતે ઘણા લોકોને વૃદ્ધાવસ્થામાં ડિમેન્શિયા અને અલ્ઝાઈમર (Dementia & Alzheimer's) થાય છે . આ રોગ યાદશક્તિની સમસ્યા છે, જે પ્રત્યેક 10 વ્યક્તિમાંથી 6 લોકોને પ્રભાવિત કરે છે. શરૂઆતમાં વ્યક્તિ નાની વાતો ભૂલી જાય છે. વાત (Arthritis) એ પણ ઉંમર વધવાની સાથે થતો રોગ છે જેમાં સાંધાના દુખાવા રહે છે અને અંગો જકડાઈ જાય છે.

હોમિયોપેથીમાં વૈજ્ઞાનિક પ્રગતિ (Scientific advancements in homeopathy)

ભવિષ્ય માટે શૈક્ષણિક રોડમેપ (Educational roadmap for the future)

વિશ્વ હોમિયોપેથી દિવસ (World Homeopathy Day) 2026 માં એક બહુમૂલ્ય વૈશ્વિક ભાગીદારી અને પ્રતિષ્ઠિત વક્તાઓનો મેળાવડો થવાનો છે. WHD 2026 યુનાઈટેડ કિંગડમ, ભારત, તુર્કી, પોલેન્ડ, અઝરબૈજાન, અરુબા અને તેનાથી આગળના પુષ્ટિ પામેલા વક્તાઓ અને પેનલિસ્ટનું સ્વાગત કરશે, જે આ કાર્યક્રમની ખરેખર આંતરરાષ્ટ્રીય ભાવનાને પ્રતિબિંબિત કરશે. આ બહુ જ મહત્વપૂર્ણ કાર્યક્રમમાં વિવિધ સહાયક અને સહયોગી સંસ્થાઓ સમાવેશ પામેલ છે:

હોમિયોપેથી યુકે (Homeopathy UK)

એશિયન હોમિયોપેથિક મેડિકલ લીગ (Asian Homeopathic Medical League)

હોમિયોપેથ સોસાયટી (Society of Homeopaths)

હોમિયોપેથિક મેડિકલ એસોસિએશન ઓફ ઈન્ડિયા (Homoeopathic Medical Association of India

આવો, આપણે સૌ તા. 10 એપ્રિલ, 2026 ના રોજ 'વિશ્વ હોમિયોપેથી દિવસ (World Homeopathy Day)'ની એક અનોખી ઉજવણી કરીએ. કેનેડાના અગ્રગણ્ય ગુજરાતી અઠવાડિક 'ગરવી ગુજરાત' મારફતે આપણે એક જાગૃત નાગરિક / સાહિત્યકાર / વાચક તરીકે રોજિંદા જીવનમાં સ્વસ્થ આદતો અપનાવીને જરૂરિયાત સમયે સૌ પ્રથમ હોમિયોપેથી શાખાનો મહત્તમ લાભ લઈએ. આ દિવસનું સાચું મહત્ત્વ સમજીએ. આપણે સંકલ્પ કરીએ કે આપણે બીમારી હંગામી ધોરણે દૂર કરવા નહીં, પણ ફરીથી આવી બીમારી ના આવે એ માટે લાંબા ગાળાની હોમિયોપેથી દવાઓ લઈને જાતને નિરોગી બનાવીએ. આ વખતના 'વિશ્વ હોમિયોપેથી દિવસ (World Homeopathy Day)ની ઉજવણીમાં ભારતનું બહુ જ મોટું યોગદાન છે એ તબક્કે આપણે લાગતાવળગતા સૌ કોઈને પોતાની નાનીમોટી શારીરિક સમસ્યાઓ માટે હોમિયોપેથિક સારવારની માહિતી આપીએ. લાગતાવળગતા સૌને અનુરોધ કરીએ હોમિયોપેથી ભલે લાંબા સમયની સારવાર હોય પરંતુ એ રોગને જડમૂળથી નાબૂદ કરવાની શક્તિ ધરાવે છે.

# પુષ્ટિ માર્ગના પ્રણેતા અખંડ ભૂમંડલાચાર્ય શ્રી વલ્લભાચાર્યજી (મહાપ્રભુજી) નો ૫૪૬ મો "પ્રાગટ્ય દિવસ"



લેખક
ડૉ.જયેન્દ્ર કૃષ્ણાલાલ નાયક
(જૈન સંગીતકાર)

લગભગ ૧૨ થી ૧૬ સદી ની અંદર પાંચ મહાન ઋષિઓ એ ધાર્મિક શિક્ષણ નો પ્રચાર કર્યો, જેઓ ના નામ છે ..શ્રી રામાનુજ, શ્રી માધવ, શ્રી નિમ્બારકા, શ્રી ચૈતન્ય મહાપ્રભુજી અને શ્રી વલ્લભજી છે.પુષ્ટિ માર્ગ નાં ધર્મ નો ઉદભવ શ્રી વલ્લભાચાર્યજી નાં હસ્તે થયો. થયો.જેમને આજે લાખો વૈષ્ણવો અનુસરે છે.પુષ્ટિમાર્ગ ના ધર્મ ને

અનુસરનારા ચુસ્ત વૈષ્ણવો ની માન્યતા મુજબ શ્રી મહાપ્રભુજી શ્રી કૃષ્ણ નાં મુખારવિંદ માં થી અગ્નિ રૂપે પ્રગટ થયા છે. અગ્નિદેવતા એ વાણી ના દેવતા કહેવાય છે.એટ્લે વલ્લભચાર્યજી 'વાકપતિ' કહેવાયા."વલ્લભ"એટલે શ્રી કૃષ્ણ ને અતિશય પ્રિય(વ્હાલા),શ્રી કૃષ્ણ ના મુખારવિંદ સ્વરૂપ તેમજ વચનામૃત (વાણી)થી વૈષ્ણવોને લાભ આપનારા. તેમના જીવન નું મુખ્ય ધ્યેય લોકો ને ધર્મ નું સાચું શિક્ષણઅર્પવાનું હતું.એમની અદભૂત વિદ્વતા અને તેજસ્વિતા ને લીધે વૈષ્ણવો તેમને પ્રેમ થી 'શ્રી મહાપ્રભુજી' તરીકે બોલાવવા લાગ્યાં.

**પ્રાક્ટયઃ શ્રી વલ્લભના વડવાઓની જન્મભૂમિ દક્ષિણ ભારતમાં આંધ્ર પ્રદેશના કાંકરવાડ ગામમાં હતી.**

શ્રીવલ્લભાચાર્યજી નો જન્મ સંવત ૧૫૩૫ માં ચૈત્ર વદ અગિયારસ ને દિવ્સે દક્ષિણ ભારત માં લક્ષમણ ભટ્ટ નામ નાં તેલુગુ બ્રાહ્મણ નાં ઘરે થયો હતો.તેમના પુર્વજોએ ઘણા વર્ષો થી વૈદિક સોમયજ્ઞ ચાલુ કર્યો હતો ત્યારે એક વખત શ્રી કૃષ્ણ તે યજ્ઞ ની પવિત્ર અગ્નિ મા થી પ્રગટ થયાં અને તેમના પરિવાર ને વચન આપ્યું કે, જ્યારે તમારે ત્યાં સો યજ્ઞ પૂરા થશે ત્યારે હું તમારે ઘરે જન્મ લઈશ... ..શ્રી લક્ષમણ ભટ્ટે જ્યારે સો યજ્ઞ પૂરાં કર્યાં,ત્યારે તેમને ત્યાં શ્રી વલ્લભાચાર્યજી નો જન્મ થયો.

**જન્મઃ-**

શ્રીવલ્લભાચાર્યજી નો જન્મ સંવત ૧૫૩૫ માં ચૈત્ર વદ અગિયારસ ને દિવસે દક્ષિણ ભારત ના ચંપારણ માં લક્ષમણ ભટ્ટ નામ નાં તેલુગુ બ્રાહ્મણ નાં ઘરે થયો હતો. આંધ્રના તેલુગુ બ્રાહ્મણ શ્રી લક્ષમણ ભટ્ટજી ના પત્ની ઈલ્લમાગારુજી ગર્ભવતી થયાં.શ્રી વલ્લભનાં જન્મ વિશે અનેક કથાઓ છે. જેમાની એક કથા આ પ્રમાણે છે.ઈલ્લમાગારુજીને આઠ મહિનાનો ગર્ભ હતો. લક્ષ્મણ ભટ્ટજી અને તેમના પત્ની ઈલ્લમાગારુજી વર્તમાન મધ્ય પ્રદેશના રાયપુર જીલ્લાના



ચંપારણના એક વનમાંથી જઈ રહ્યાં હતાં. પ્રસવપીડા ઉપડતા રાત્રિ ના સમયે ઈલ્લમાગારુજીએ એક બાળકને જન્મ આપ્યો. પણ જન્મ પછી બાળકમાં કોઈ હલનચલન ન જણાતા પતિ પત્નીએ તેને મૃત સમજયું. આ ઘટના ને પ્રભુની ઈચ્છા સમજી નેપરિસ્થિતિનો શાંતિ પૂર્વક સ્વીકાર કરી તેઓએ બાળકને શમીનાવૃક્ષ નીચે એક ખાડામાં રાખી તેને ઝાડ ના પાંદડાઓ થી ઢાંકી દઈ નેપરિસ્થિતિ ને આગળની યાત્રા માટે રવાના થઈ ગયા.આગળ જઈ જ્યારે તેઓ વિશ્રામ કરી રહ્યા હતા ત્યારે ઈલ્લામાંગારૂંજી ને સ્વપ્ન માં શ્રીનાથજી એ સ્વયં દર્શન દીધા અને કહ્યું, "જે બાળક ને તમે મૃત જાણ્યો છે એ સ્વયં હું જ છું." સ્વપ્ન પછી બંને પતિ પત્ની તે સ્થાન પર પહોંચ્યા જ્યાં તેમણે એ બાળક ને મૃત સમજી ને રાખી દીધું હતું, તેમણે જોયું કે શમી વૃક્ષ નીચે બાળક સુરક્ષિત અવસ્થામાં છે. એ બાળકની ચારે બાજુ અગ્નિનો ઘેરાવો થઈ ગયો હતો, તેમણે અગ્નિના ઘેરાવામાંથી બાળકને કાઢ્યું અને છાતી સરસું ચાંપ્યું. તે બાળકનું નામ તેમણે વલ્લભ રાખ્યું , કારણકે તે વૈષ્ણવાનર અવતાર એટલે કે અગ્નિનો અવતાર હતા. મોટા થઈ ને આ બાળક શ્રી વલ્લભાચાર્યજીના નામે પ્રખ્યાત થયા અને ચંપારણને પુષ્ટિમાર્ગ ની સાધનાનું સ્થળ માનવામાં આવ્યું.

**અભ્યાસઃ-**

વિક્રમ સંવત ૧૫૪૦ માં શ્રી વલ્લભ ને ૫ વર્ષ થયાં હતા, રામનવમીના દિવસે તેમનો કાશીમાં યજ્ઞોપવિત સંસ્કાર કરવામાં આવ્યો. ૫ વર્ષ ની નાની ઉંમરમાં તેમણે ૪ વેદ, ઉપનિષદો અને ૬ દર્શનનો અભ્યાસ કર્યો. ૧૦ વર્ષની ઉંમરમાં તેમણે સંપૂર્ણ જ્ઞાન મેળવી લીધું.

શ્રી વલ્લભાચાર્યજી એ અષ્ટાક્ષર ગોપાલ મંત્ર ની દીક્ષા શ્રી વિલ્વમંગલાચાર્યજી પાસેથી પ્રાપ્ત કરી અને ત્રિદંડ સંન્યાસ દીક્ષા સ્વામીનારાયણ તીર્થ પાસેથી મેળવી. શ્રી વલ્લભાચાર્યજી બાળપણ થી જ કુશાગ્ર બુદ્ધિના હતા. તેમને વૈષ્ણવ સંપ્રદાય ઉપરાંત જૈન, શૈવ, બૌદ્ધ, શાંકર આદિ ધર્મ સંપ્રદાય ના પણ વિદ્વાન હતા.

**લગ્ન જીવનઃ-**

૨૩ વર્ષ ની વલ્લભ ની ઉંમર હતી જ્યારે તેમના લગ્ન અત્રિમ્મા અને દેવન ભટ્ટ ની સુપુત્રી મહાલક્ષ્મી સાથે થયા. વિક્રમ સંવત ૧૫૫૮ ના અષાઢ સુદ પાંચમ ના કાશીમાં ખૂબ ધામધૂમ થી કરવામાં આવ્યા.

વિક્રમ સંવત ૧૫૬૭ ના ભાદરવા વદ ૧૨ ના શુભ દિને અડેલ ખાતે શ્રી વલ્લભ ને ત્યાં પ્રથમ પુત્ર શ્રી ગોપીનાથજી નું પ્રાગટ્ય થયું.

ત્યારબાદ ૫ વર્ષ પછી વિક્રમ સંવત ૧૫૭૨ માં માગશર વદ ૯ ના શુભદીને ચરણાંટ ખાતે બીજા પુત્ર શ્રી વિઠ્ઠલનાથજી નું પ્રાગટ્ય થયું.

આમ શ્રી વલ્લભાચાર્યજી ને ત્યાં બે પુત્રો થયા.

**સ્વરૂપ વર્ણન :-**

શ્રી વલ્લભ નો દેહ મધ્યમ કદ નો, ઘેરા ઘઉં વર્ણ નો, ઘાટીલો અને મજબૂત બાંધાનો હતો. લલાટ વિશાળ હતું, નેત્રો કમળ જેવા હતા, મુખારવિંદ દિવ્ય તેજસ્વી હતું. તેમની વાણી કોમળ અને મધુર હતી. તેઓ કાયમ ધોતી - ઉપરણો, જનોઈ અને તુલસી ની કંઠી ધારણ કરતા તે સિવાય કંઈ પણ ધારણ કરતા નહીં.

**પ્રાગટ્યઃ-**

ગિરિરાજ ધરણ સાથે પ્રથમ મિલન :-જે દિવસે ચંપારણ માં શ્રી મહાપ્રભુજી નું પ્રાગટ્ય થયું હતું તે જ દિવસે ગિરિરાજ ઉપર શ્રીનાથજી નું પ્રાગટ્ય થયું હતું.

શ્રીનાથજી ગિરિરાજ ઉપર થી બે ડગલાં નીચે પધાર્યા અને શ્રીવલ્લભ બે ડગલાં ઉપર ચડ્યા ત્યાં શ્રીવલ્લભ એ ગાયું "મધુરાષ્ટકમ" જેના બોલ છે "અધુરમ.. મધુરમ.." અને બંને એકબીજાને ભેટી પડ્યા અને તે દિવસે પવિત્રા એકાદશી હતી અને સુતર નું પવિત્ર શ્રીવલ્લભે શ્રીનાથજી ને ધરાવી

અને મિસરી નો ભોગ પણ ધરાવ્યો.

**બ્રહ્મ સંબંધ નો પ્રારંભઃ - શ્રી નાથજી નું પ્રાગટ્ય-પધરામણીઃ-**

શ્રીનાથજીનું પૂરું નામ ગોવર્ધનગિરી છે. સારસ્વત કલ્પમાં શ્રીનંદ યશોદાના પુત્ર તરીકે શ્રીકૃષ્ણ છે. તે જ શ્રી ગોવર્ધનગિરી શ્રીનાથજી છે. આ ગોવર્ધન પર્વત પર સંવત ૧૪૭૦માં એક વ્રજવાસીને શ્રીનાથજીના ઉદવભુજાનાં દર્શન થયાં . તે જ દિવસે ચંપારણ્ય મુકામે શ્રીવલ્લભનું પ્રાગટ્ય થયું. આમ શ્રીનાથજીના મુખારવિંદના દર્શન અને શ્રીવલ્લભનું પ્રાગટ્ય એક જ દિવસે થયું અને આ જ શ્રી ગોવર્ધનગિરિએ શ્રીવલ્લભને બ્રહ્મસંબંધની આજ્ઞા કરી.એક વખત જ્યારે તેઓ ગોકુલ માં બિરાજતાં હતાં ત્યારે શ્રીનાથજી ત્યાં પધાર્યા અને કહ્યું કે તમો પુષ્ટિ માર્ગીય વૈષ્ણવો નો સંબંધ મારી સાથે કરાવી આપો, એટ્લે કે બ્રહ્મસંબંધ ના મંત્ર થી જીવો ને મારી શરણ માં લઈ આવો..આવા શરણે આવેલા જીવો નો હું હંમેશ ઉધ્ધાર કરીશ,તેમ જ તેમની કોઇ જ અવગતિ નહીં થવા દઉં. આ આજ્ઞા મુજબ શ્રી મહા પ્રભુજીએ બ્રહ્મસંબંધ ની શરૂઆત કરી .શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ જે કાંઈ હોય તે શ્રી ઠાકોરજીને અંગીકાર કરીને, જીવ પ્રસાદી રૂપે લઈ શકે છે અને જીવે પરમાત્માનો સંબંધ બાંધવો એટલે ‘બ્રહ્મસંબંધ’ અને ત્યાર બાદ આ જીવે શ્રી ઠાકોરજીમાં પૂર્ણ આસ્થા રાખીને સેવા કરવી. ઘણાં જીવો ને તેમણે શ્રીનાથજી સન્મુખ મંત્ર બોલી ને તુલસી ની કંઠી પહેરાવી ને તેમની શરણ માં લીધાં.આ બ્રહ્મસંબંધ ની વિધિ ફક્ત શ્રી વલ્લભ કૂળ ના પરિવારો જ કરી શકે છે.



“પુષ્ટિ ધર્મ” એટલે પ્રેમ અને સ્નેહ થી એકાગ્ર મન થી સતત ચિંતન કરતાં ઈશ્વર ને ભજવું,તેમની સેવા કરવી આ પુષ્ટિ માર્ગ નો ધર્મ અથવા પ્રેમ ભક્તિ કહેવાય.શ્રી મહાપ્રભુજી ની આજ્ઞા મુજબ ઘરે રહી ને શ્રી ગોકુલ નિવાસી શ્રીનાથજી ની નિરંતર તન,મન,ધન અને હ્રદય ની ભાવ ભરી લાગણી થીસેવા કરી ને પ્રભુ ને રીઝવવા.

**અખંડ ભૂમંડલાચાર્ય શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજી ની ગ્રંથ રચનાઃ-**

ભગવાને પૃથ્વીપર અનેક અવતારો લઈને જીવોનો ઉદ્ધાર કર્યો. ભવિષ્યમાં પણ દૈવી જીવોનો ઉદ્ધાર થાય તે માટે પોતાના જ્ઞાનાવતાર શ્રીવેદવ્યાસજીરૂપે શ્રીભાગવત ની રચના કરી. આ જ પ્રમાણે શ્રીવલ્લભાચાર્યે પણ પુષ્ટિજીવોને પ્રભુસેવા-સ્મરણનો માર્ગ દેખાડ્યો અને ભવિષ્યમાં પણ પુષ્ટિજીવો સુગમતાથી પુષ્ટિભક્તિમાર્ગનું અનુસરણ કરી શકે તે માટે અનેક ગ્રન્થોની રચના કરી.

**ભાષ્યઃ-**

બ્રહ્મસૂત્રાણુભાષ્ય (બ્રહ્મ, જગત્, જીવ વગેરેનું સ્વરૂપ તથા સમ્બન્ધોનું નિરૂપણ કરતા વેદાન્ત-ઉપનિષદ્ના કઠિન વચનોને સમજાવવા શ્રીવેદવ્યાસજીદ્વારા રચિત સૂત્રાત્મક ગ્રન્થ), મીમાંસાસૂત્રભાષ્ય (અગ્નિહોત્રાદિ કર્મ, કર્મફળ, મન્ત્ર, વિધિ વાક્યો વગેરેનું નિરૂપણ કરતા વેદના પૂર્વ-કર્મકાણ્ડના કઠિન વચનોને સમજાવવા મહર્ષિ જૈમિનિદ્વારા રચિત સૂત્રાત્મક ગ્રન્થ) તથા ગાયત્રીભાષ્ય (પરબ્રહ્મના સ્વરૂપનું જેમાં નિરૂપણ તથા સ્તુતિ છે તેમ જ બ્રહ્મચર્ય આશ્રમમાં પ્રવેશનાર બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્યને વેદાધ્યયન માટે દીક્ષાના રૂપે જે મન્ત્ર આપવામાં આવે છે તે મન્ત્ર. આ મન્ત્ર ‘ગાયત્રી’નામના છન્દમાં બનેલો હોવાથી તેની ‘ગાયત્રીમન્ત્ર’ નામે પ્રસિદ્ધિ છે.).

**વ્યાખ્યા - શ્રીભાગવત ની ‘સુબોધિની’ વ્યાખ્યા.**

સ્વતન્ત્ર - સ્વતન્ત્ર ગ્રન્થોમાં તત્ત્વાર્થદીપનિબન્ધ, ષોડશગ્રન્થો, પત્રાવલમ્બનમ્ વગેરે તથા સ્તોત્ર - શ્રીમધુરાષ્ટક, શ્રીપુરુષોત્તમસહસ્ત્રનામ, ત્રિવિધલીલાનામાવલીવગેરે

વિશેષ વાંચન માટેના ગ્રન્થોઃ- શ્રીગોકુલનાથજી વિરચિત ચૌરાસી વૈષ્ણવવાર્તા, નિજવાર્તા, ઘરુવાર્તા તથા સમ્પ્રદાયકલ્પદ્રુમ, સમ્પ્રદાયપ્રદીપ, મૂલપુરુષ

**વિદ્વત્તા :-**

એક વખત કોઈ વેદપાઠી બ્રાહ્મણ આપના વેદજ્ઞાનની પરીક્ષા કરવામાટે આવ્યો. વેદનો એક મન્ત્ર છોડીને એક એમ 100મન્ત્રો એ આપની સામે બોલ્યો. શ્રીઆચાર્યચરણે તે જ મન્ત્રોને ઉલટા ક્રમથી બોલી તેના ગર્વને દૂર કર્યો.

એક વખત આપ કાશી પધાર્યા. આપની વિદ્વત્તાની ચર્ચા ભારતભરમાં હતી જ. આથી આપની સાથે ચર્ચા કરવામાટે અનેક પણ્ડિતો આપની પાસે આવવા લાગ્યા. આને કારણે આપને ભગવત્સેવા, વૈદિક કાર્યો તથા ઉપદેશ વગેરે કાર્યોમાં અડચણ થવા લાગી. આ જોઈને આપે ‘પત્રાવલમ્બન’નામનો એક ગ્રન્થ લખીને કાશીના વિશ્વેશ્વર મહેદેવજીના મન્દિરની ભીંતપર ચોંટાડી દીધો. આ સાથે એવી જાહેરાત પણ કરાવી કે જેને આ ગ્રન્થ વાંચ્યા પછી પણ પ્રશ્નો બાકી રહી જાય તે આપશ્રીના મુકામપર ચર્ચા કરવામાટે જરૂરથી આવે. પણ્ડિતોની અવર-જવર આ પછીથી ઓછી થઈ ગઈ. આથી જ શ્રીગુસાંઈજીએ ‘શ્રીસર્વોત્તમસ્તોત્ર’ માં આપને ‘વેદપારગઃ’ (વેદને જાણનારા) તથા ‘સર્વવાદિનિરાસકૃત્’ (બધા વાદીઓનો નિરાસ=પરાજય કરનારા) કહ્યા છે.

**આદર્શ ગુરુ તરીકેઃ-**

પાકો ઝવેરી જેમ હીરાને પારખીને ખરીદતો હોય છે તેમ સાચો ગુરુ દીક્ષાર્થીની પરીક્ષા કર્યા વિના શિષ્ય નથી બનાવતો. ભગવાને શ્રીવલ્લભાચાર્યને માત્ર પુષ્ટિજીવોના ઉદ્ધારમાટે જ પુષ્ટિભક્તિમાર્ગને પ્રકટ કરવાની આજ્ઞા કરી હતી. આથી પુષ્ટિભક્તિનો માર્ગ માત્ર પુષ્ટિજીવો માટે જ હોઈ શકે છે; વિશ્વધર્મ કદાપિ હોઈ શકતો નથી. તેથી પુષ્ટિસૃષ્ટિનો ન હોય તેવો કોઈ જીવ પુષ્ટિભક્તિમાર્ગમાં આવી ન જાય તે માટે શ્રીઆચાર્યચરણ દીક્ષા લેવા આવનારને તેની યોગ્યતા પારખીને જ દીક્ષા આપતા. દીક્ષા આપીને પણ શિષ્યને ભાગ્યના ભરોસે મૂકી ન દેતા. જ્યાં સુધી શિષ્યને માર્ગની સાધનારૂપ સેવાપ્રણાલી વગેરેનું બરોબર જ્ઞાન ન થઈ જાય ત્યાં સુધી એના ઘરે બિરાજીને પણ બધું જાત જ શીખવતા. પોતાના નિવાસસ્થાને દીક્ષા લેવા આવનારને પોતાને ત્યાં રાખીને બધું શીખવતા. પોતાના શિષ્યો પરનિન્દા, દુરાચરણ કે પ્રભુસમ્બન્ધી ન હોય તેવી લૌકિક ચર્ચા તો નથી કરતા તેની તકેદારી રાખવા નિયમિતપણે રાત્રે બે-ત્રણ વખત શિષ્યોની દેખ-રેખ રાખતા.

**શ્રી મહાપ્રભુજી ૮૪ બેઠકો નો ઈતિહાસઃ-**

**ભારતભરમાં મહાપ્રભુજીની ૮૪ બેઠકજી**

૧. શ્રીમદ્ શ્રી ગોવિંદ ઘાટ બેઠક, ૨. શ્રી બડી બેઠક, ૩. શ્રી શચ્યામંદિરની બેઠક, ગોકુલ. ૪. શ્રી વૃંદાવન બંસીબટની બેઠક મથુરા માં આવેલી બેઠકો, ૫. શ્રી વિશ્રામઘાટની બેઠક ૬. શ્રી મધુવનની બેઠક ૭. શ્રી બહુલાવનની બેઠક૯. શ્રી રાધાકૃષ્ણચંદ્રની બેઠક, ૧૦. શ્રી માનસીગંગાની બેઠક,૧૧. શ્રી ચંદ્રસરોવરની બેઠક, ૧૨. શ્રી આન્યોરની બેઠક, ૧૩. શ્રી ગોવિંદકુંડની બેઠક, ૧૪. શ્રી સુંદરશીલાની બેઠક, ૧૫. શ્રી ગિરિરાજજીની બેઠક, ૧૬. શ્રી કામવનની બેઠક કામવન, ભરતપુર, મથુરામાં આવેલી બેઠકો, ૧૭. શ્રી ગહરવનની બેઠક બરસાના, મથુરા૧૮. સાકેતવનની બેઠક બરસાના, મથુરા ૧૯. શ્રી નંદગામની બેઠક ૨૦. શ્રી કોકિલાવનની બેઠક, ૨૧. શ્રી ભાંડીરવનની બેઠક, ૨૨. શ્રી માનસરોવરની બેઠક, ૨૩. શ્રી સુકરક્ષેત્રની બેઠક, સૌરભઘાટ, ૨૪. શ્રી ચિત્રકૂટની બેઠક ચિત્રકૂટ, ૨૫. શ્રી અયોધ્યાની બેઠક.૨૬. શ્રી નૈમિષારણ્યની બેઠક સીતાપુર ૨૭. શ્રી કાશીમાં પુરુષોત્તમદાસ શેઠના ઘરની બેઠક, ૨૮. શ્રી કાશીમાં હનુમાન ઘાટ પરની બેઠક, ૨૯. શ્રી હરિહરક્ષેત્રની બેઠક બિહાર૩૦. શ્રી જનકપુરની બેઠક,૩૧. શ્રી ગંગા સાગરની બેઠક,કલકત્તા૩૨. શ્રી ચંપારણ્યની પ્રાગટયની બેઠક, ૩૩. શ્રી ચંપારણ્યની છઠ્ઠીની બેઠક.૩૪. શ્રી જગન્નાથપુરીની બેઠક ૩૫. શ્રી પંઢરપુરની બેઠક,૩૬. શ્રી નાસિક તપોવનની બેઠક૩૭. શ્રી પન્નાનૃસિંહ જીની બેઠક વિજયવાડા, ૩૮. શ્રી લક્ષ્મણબાલાજીની બેઠક, શ્રી વલ્લભાચાર્યજી મઠ, તીરુમાલા, ૩૯. શ્રી શ્રીરંગજીનીબેઠક,તમીલનાડુ, ૪૦.શ્રીવિષ્ણુકાં ચીનીબેઠક,કાંચીવરમ્ ૪૧. શ્રી સેતુબંધ રામેશ્વરની બેઠક, ૪૨. શ્રી મલયાચલ પર્વતની બેઠક, ૪૩. શ્રી લોહગઢ (ગોવા)ની બેઠક, ૪૪. શ્રી તામ્રપર્ણી નદીના તીરઉપરની બેઠક ત્રિચિનાપલ્લી, ૪૫. શ્રી કૃષ્ણાનદીની બેઠક આંધ્રપ્રદેશ, ૪૬. શ્રી પંપા સરોવરની બેઠક આંધ્રપ્રદેશ, ૪૭. શ્રી પદ્મનાભજીની બેઠક ત્રિવેન્દ્રમ (કેરાલા) ૪૮. શ્રી જનાર્દન ક્ષેત્રની બેઠક, (કેરાલા), ૪૯. શ્રી વિદ્યાનગરની બેઠક આંધ્રપ્રદેશ. ૫૦. ત્રિલોકજીની બેઠક તમિલનાડુ ૫૧. શ્રી તોતાદ્રિ પર્વતની બેઠક તમિલનાડુ ૫૨. શ્રી દરવસેનની બેઠક તમિલનાડુ

ગુજરાત માં આવેલી બેઠકોઃ- ૫૩. શ્રી સુરતની બેઠક ૫૪. શ્રી ભરૂચની બેઠક ૫૫. શ્રી મોરબી મચ્છુનદીના સામા કિનારાની બેઠક

૫૬. શ્રી નવાનગરની બેઠક, જામનગર, ૫૭. શ્રી જામખંભાળીયાની બેઠક, ૫૮. શ્રી પિંડતારકની બેઠક જામનગર, ૫૯. શ્રી મૂળગોમતાની બેઠક જામનગર ૬૦. શ્રી દ્વારિકા હરિકુંડની બેઠક ૬૧. શ્રી ગોપી તળાવની બેઠક જામનગર ૬૨. શ્રી બેટ શંખોદ્વારની બેઠક. બેટદ્વારકા ૬૩. શ્રી નારાયણ સરોવરની બેઠક, ૬૪. શ્રી જૂનાગઢની બેઠક ૬૫. શ્રી પ્રભાસક્ષેત્રની બેઠક, પ્રભાસપાટણ,૬૬. શ્રી માધવપુરની બેઠક૬૭. શ્રી ગુપ્તપ્રયાગની બેઠક જૂનાગઢ ૬૮. શ્રી તગડીની બેઠક, ૬૯. શ્રી નરોડાની બેઠક ૭૦. શ્રી ગોધરાની બેઠક૭૧. શ્રીખેરાળુની બેઠક ૭૨.શ્રી સિદ્ધપુરની બેઠક ૭૩. શ્રી અવંતિકાપુરી (ઉજ્જૈન)ની બેઠક,૭૪. શ્રી પુષ્કરની બેઠક ૭૫. શ્રી કુરૂક્ષેત્રની બેઠ હરિયાણા, ૭૬. શ્રી રામઘાટ કનખલની બેઠક હરિદ્વાર ૭૭. શ્રી બદ્રિકાશ્રમની બેઠક ૭૮. શ્રી કેદારનાથની બેઠક, અલકનંદા- ભાગીરથી સંગમ પાસે, કેશવપ્રયાગ-બદ્રીનાથ. ૭૯. વ્યાસ આશ્રમ ની બેઠક. બદ્રીનાથ, ૮૦. શ્રી હિમાચલ પર્વતની બેઠક, ૮૧. શ્રી વ્યાસગંગાની બેઠક હિમાચલ પ્રદેશ૮૨. શ્રી મંદરાચલની બેઠક ૮૩. શ્રી અડેલની બેઠક, ત્રિવેણી સંગમ અલ્હાબાદ.૮૪. શ્રી ચરણાટની બેઠક, મિરઝાપુર, શ્રી વલ્લભાચાર્યજી એ ધર્મ નાં પ્રચાર માટે પગપાળા ચાલી ને આખા ભારત ની યાત્રા કરી અને જે કોઇ ગામે વિશ્રામ કર્યો એ સ્થળ આજે "શ્રી મહાપ્રભુજી ની બેઠક" તરીકે ઓળખાય છે. ચાલો જોઈશું ૭૯ મી શ્રી વ્યાસ મુનિ સાથે ની બેઠક નું માહાત્મ્ય (ઇતિહાસ), ૭૯ મી શ્રી વ્યાસ આશ્રમની બેઠક અલખનન્દા સરસ્વતી સંગમ સ્થળ ના પાસે, માના ગામ, ચમોલી (ઉત્તરાખંડ.) શ્રી આચાર્યજી મહાપ્રભુજીની બેઠક વ્યાસ આશ્રમમાં છે. ત્યાં આપે બિરાજી કૃષ્ણદાસ મેઘનને આજ્ઞા કરી તમે અહીંયા ઉભા રહેજો, હું વેદ વ્યાસના દર્શન કરીને આવું છું. આમ કહી આપ શ્રી વેદવ્યાસના દર્શને પધાર્યા, ત્યારે વ્યાસજી સામે આવી આદર કર્યો અને પાસે બેસાડીને કહ્યું, આપે શ્રી ભાગવત ની શ્રી સુબોધીજીની ટીકા કરી છે તે મને સંભળાવો ત્યારે આચાર્યજી કહ્યું કે ભ્રમણ ગીતનો એક શ્લોક કહીશ, પછી એક શ્લોક ઉપર ત્રણ દિવસ અને ત્રણ રાત્રી સુધી વ્યાખ્યાન કર્યું, ત્યારે વેદવ્યાસજીએ કહ્યું કે આપે અદભુત વર્ષા કરી, ત્યારે શ્રી આચાર્યજી વ્યાસજી પાસેથી પ્રણામ કરી પાછા પધાર્યા, આવીને જુએ તો કૃષ્ણદાસ ત્યાંજ ઉભા છે અને બધાં સેવક મૂર્છિત પડ્યા છે, ત્યારે આપે આજ્ઞા કરી કે કૃષ્ણદાસ તું બેઠો નહીં, ત્યારે કૃષ્ણદાસે કહ્યું મહારાજ આપની આજ્ઞા હતી કે તું ઉભો રહેજે, તેથી હું ઉભો છું, ત્યારે શ્રી આચાર્યજીએ કહ્યું કે કૃષ્ણદાસ તું કાંઈ માંગ હું તારા ઉપર પ્રસન્ન છું ત્યારે કૃષ્ણદાસે ત્રણ વસ્તુ માંગી, એક તો મહારાજ મારો મુખરતી દોષ જાય, બીજું માર્ગનો સિદ્ધાંત હૃદયારૂઢ થાય અને ત્રીજું મ્હારા પૂર્વ ગુરૂ ને ઘરે આપ પધારો. ત્યારે શ્રી આચાર્યજીએ બે વસ્તુ તો દીધી પણ તેના ગુરૂ ને ઘરે પધારવાની ના પાડી તેનું કારણ કૃષ્ણદાસની વાર્તામાં પ્રસિદ્ધ છે, પછી બધા સેવકોને સાવધાન કર્યા અને પછી તેઓએ સપ્તાહ કરી બહુ અનિર્વચનીય સુખ પ્રાપ્ત થયું.

**તિરોધન (ગૌલોકગમન):-**

શ્રીવલ્લભાચાર્યના પ્રાકટ્યનું એક પ્રયોજન શ્રીભાગવત ના સાચા અર્થને પ્રકટ કરવાનું પણ હતું. પરન્તુ 18,000 શ્લોકોમાં ફેલાયેલા શ્રીભાગવત્ પુરાણની વ્યાખ્યા લખવી, અને એ પણ સતત પર્યટન કરતાં, એ અત્યન્ત કઠિન કાર્ય હતું. આથી વ્યાખ્યા લખવાનું કાર્ય ધીરે-ધીરે થતું હતું. શ્રીવલ્લભ શ્રીભાગવત ઉપર શ્રીસુબોધિની નામની ટીકા લખતાં હતાં. પહેલાં ત્રણ સ્કંધ લખાયા હતા ત્યારે ભગવાનની આજ્ઞા થઈ કે, "તમે લેખન છોડી ગૌલોકમાં પધારો." શ્રીવલ્લભે દસમાં સ્કંધ પર ટીકા લખવાની ચાલુ કરી કે ફરી ભગવાને આજ્ઞા કરી કે,"તમે જલ્દી ગૌલોકમાં પધારો." અગિયારમાં સ્કંધની ચોથા અધ્યાય પર ટીકા લખાઈ કે ત્રીજી વખત ગૌલોકમાં પધારવાની આજ્ઞા થઈ.તે દિવસ વિક્રમ સંવત ૧૫૮૭ ના અષાઢ સુદ બીજ ના રવિવાર હતો. બરાબર મધ્યાહન સમયે શ્રીવલ્લભ ગંગાજીની મધ્ય ધારામાં પ્રવેશ્યા. પ્રભુનું ચિંતન કરતાં જેવા જળમાં નીચા નમ્યા કે તરત જ ગંગાજીમાંથી દિવ્ય તેજનો એક મોટો સ્તંભ પ્રગટ થયો. તે આકાશ સુધી છવાઈ ગયો. તે દ્વારા શ્રીવલ્લભ સદેહે ગૌલોકમાં પધાર્યા. આકાશમાં દુંદુભિઓ નાદ સાથે પુષ્પવૃષ્ટિ થઈ. આમ અલૌકિક અગ્નિમાંથી પ્રગટ થયેલા શ્રીવલ્લભ અલૌકિક અગ્નિ સ્તંભથી ગૌલોક પધાર્યા.કાશીમાં ગંગા તટે નિર્જળ નિરાહાર બિરાજી રથયાત્રાને દિવસે વિ.સં. ૧૫૮૭ માં ૫૨ વર્ષની વયે ગંગાજીમાં પ્રવેશ કરી આપ લોકમાં તિરોહિત થયા. આવા મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યમાટે બસ એટલું જ કહી શકાય.

"શ્રીમદ્વલ્લભ-નામધેય-સદશો ભાવિ ન ભૂતોઽસ્ત્યપિ

(મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય જેવો બીજો ન કોઈ થયો હતો ન તો કોઈ છે કે ન કોઈ થશે.)

મારા લેખ નું સમાપન વૈષ્ણવ ભક્તિ પદ દ્વારા કરીશ.

"એવું શ્રી વલ્લભ પ્રભુનું નામ
અમને પ્રાણ પ્યારું છે.
પ્રાણ પ્યારું છે અમને
અતિશય વહાલું છે.
પુષ્ટિ માર્ગ પ્રગટાવ્યો
દૈત્યોનો તાપ નશાડ્યો,
એવું શ્રી વલ્લભ પ્રભુનું નામ
અમને પ્રાણ પ્યારું છે".

YourMortgagePoint
Wide Range of Mortgage Options Available
• Residential • Commercial • Business Loan
Purchase
New To Canada
Self Employed
High Networth
Student Rental
Refinance
First Time Home Buyers
Business For Self
1st & 2nd Mortgage
Medical Professionals
Let's Talk! Your FREE consultation awaits

Dhavalkumar Patel
Mortgage Broker
Call Today - 647-893-1311
MORTGAGE ARCHITECTS
#12728
@yourmortgagepoint
dhavalkumar.patel@mtgarc.ca


GUJARAT NEWSLINE
IN ASSOCIATION WITH
REALBIZ Realty Inc. BROKERAGE
Independently Owned and Operated
BUILDERS PLATINUM BROKER 2016-2025
MAINESH PATEL
BROKER OF RECORD
416-735-7808
realtormainesh@gmail.com
realbizrealty.com
realbizrealty.com/maineshpatel
LALIT SONI
ORGANIZER
PROUDLY PRESENTS
A live musical concert
Dil Mein Ho Tum
(Hits of Bappi Lahiri - Disco King)
MC - SRIJEET
HEMNISH
Instrument Performer
SUNIEL
DISHA
JAY
TICKETS
REGULAR $20
VIP $30
VVIP $50
(GROUP DISCOUNTS AVAILABLE)
CASH FOOD STALLS AVAILABLE
DATE : SATURDAY, MAY 09, 2026 @ 7.00 PM ONWARDS...
VENUE : Don Bosco Secondary School Auditorium (Dante Alighieri)
2, St. Andrews Blvd., Etobicoke, ON, M9R 1V8 (Major Intersection : Islington / Hwy 401)
FOR SPONSORSHIPS & TICKETS CALL :
LALIT SONI 647 400 6248
ANJALI 905 239 6506
TICKETS ALSO AVAILABLE ON
Sulekha
eventbrite
allevents


"Honest Deals. Real Results."
Your Trusted Partner
in Every Property (Residentials / Commercials) Journey
Jignesh Patel
REAL ESTATE BROKER
Stop Renting. Start Owning.
Your Dream Home Awaits!
• Personalized Guidance for Buyer & Sellers
• More Than 5+ Years of Experience
• Transparent Service
• Check Reviews on Google & Instagram and Lets get Started!!
Let's Get Started
647-381-1492
realtor@jignesh.ca
5010 Steeles Ave. W., Suite 11A
Toronto ON M9V 5C6
Office: 416-747-97777
Fax: 416-747-7135
realtor@jignesh.ca
HOMELIFE
HIGHER STANDARDS
HomeLife/Miracle
Realty Ltd., Brokerage
Each Office Independently Owned & Operated

# ગુજરાતી સિનીયર ગ્રુપ ઓફ બ્રેમ્પટની વિશિષ્ટ પ્રસ્તુતિ "શ્રી રામજન્મ નૃત્ય નાટિકા" સાથે વિવિધ ઉત્સવોની ઉજવણી










ગુજરાતી સિનીયર ગ્રુપ ઓફ બ્રેમ્પટનની 5th April ૨૦૨૬ ની મીટીંગ Gore Meadows Library ખાતે રાખવામાં આવી હતી.

મીટીંગની શરૂઆત '**ॐ तत् श्री नारायण**' પ્રાર્થનાથી કરવામાં આવી.

આવતાની સાથે જ સૌને આઈસ્ક્રીમ આપવામાં આવ્યો હતો. આઈસ્ક્રીમના સ્પોન્સર હતા કૌશિકાબેન જોષી અને વર્ષાબેન શાહ.

આ મહિનાની theme હતી, હોળી, રામનવમી, હનુમાન જન્મોત્સવ, ગૂડી પડવો તેમજ Woman's Day.

them અંતર્ગત "**मेरे घर राम आयें हे.**"ગીત પર કસરત કરાવી નયનાબેન ગાંધીએ.

ત્યારબાદ દક્ષાબેન રાજાએ, હોળી, રામનવમી, હનુમાન જન્મોત્સવ, ગુડી પડવો, મહાવીર જયંતિ તેમજ Woman's Day ની સૌને અંતઃકરણથી શુભેચ્છા વ્યક્ત કરી. ત્યારબાદ મંડળના ભૂતપૂર્વ સભ્ય સ્વ. મુકુંદભાઈ શાહ (ઈન્દુબેન શાહના પતિ) , તેમજ મંડળના અન્ય સભ્ય દક્ષાબેન ડી. પટેલના માતા સ્વ. મણીબાને શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

ત્યારબાદ કમિટી મેમ્બર્સ, કીચન કમિટી, મેમ્બર્સ ભાઈ-બહેનોનું હાર્દિક સ્વાગત કર્યું.

હર્ષદભાઈ પટેલે, સંસ્થાકીય માહિતી આપી. તેમજ સ્પોન્સરની જાહેરાત કરી.

નાસ્તામાં સ્વાદિષ્ટ ફાફડા, જલેબી, મરચા અને સાથે ચટણી હતી. મસાલેદાર ચા તો હોય જ.

નાસ્તાની સ્પોન્સર હતા બીપીનભાઈ-શિલાબેન નેગાંધી. ત્યારબાદ આ માસમાં આવતી જે તે મેમ્બર્સની birthday અને anniversary ઉજવવામાં આવી.

વિશેષમાં બિપીનભાઈ- શિલાબેન નેગાંધીની 60th Special Anniversary ઉજવી.

દક્ષાબેન અને હર્ષદભાઈએ ઉપરણું ઓઢાડી તેમનું બહુમાન કર્યું. સૂર્યકાંતભાઈ મહેતાએ મહાવીર જયંતિ પર સુંદર વક્તવ્ય આપ્યું.

અરૂણભાઈ દવેએ તેમના સુરીલા કંઠે બે ફિલ્મી ગીતો રજૂ કર્યા. "**परदेशीयोंसे न अँखियाँ मिलाना**" અને "**आई हो मेरी ज़िन्दगी में.**!!! Part 2 ના કાર્યક્રમની શરૂઆત ભૂપેન્દ્રભાઈભટ્ટની આગેવાની હેઠળ શ્રી હનુમાન ચાલીસાના સમૂહગાનથી કરવામાં આવી. ત્યારબાદ Holi mash up songs "**होली खेलन आयो श्याम! ! , उडे रे गुलाल.!!, रंग दे मुझे रंग दे!!.**

પર મનમોહક performance આપ્યું રેણકાબેન- અમીતાબેન એન્ડ ગ્રુપે.

મુકેશભાઈ-દિપીકાબેન પાઠકે funny સંવાદ સાથે "**देखो होली आई हे!!!**" ગીત પર સુંદર ડાન્સ પ્રસ્તુત કરી સૌને ખૂબ હસાવ્યા.

જગદીશભાઈ - ઈન્દુબેન પટેલ એન્ડ ગ્રુપે Holi remix songs , "**होलीके दिन दिल.!!, होली खेलें रघुवीरा!!, रंग बरसे!!** પર energetic performance આપી સૌને ખુશ કર્યા. ત્યારબાદની પ્રસ્તુતિ, આકર્ષણનું કેન્દ્ર શ્રી રામ-જન્મ નૃત્યનાટિકા હતી. પ્રસ્તુત કર્તા હતા પદમાબેન-કલ્યાણીબેન- ચારુબેન એન્ડ ગ્રુપ. નૃત્ય નાટિકા અંતર્ગત , પ્રથમ

(૧) શ્રીરામ-જન્મ આનંદોત્સવ,રામ સ્તુતિ સાથે, દશરથ અને કૌશલ્યાના પાત્રમાં હતા.

હિતેશભાઈ-નિલુબેન પટેલ.

(૨) ભવ્ય શોભાયાત્રા.

(૩) શ્રી રામજીની આરતી. પ્રસાદના મહારથી હતા

સરોજબેન-ગુણવંતભાઈ પટેલ.

રામ-જન્મ આનંદોત્સવ નૃત્ય **अवधपूरीमें बाजे बँधाईयाँ.., जन्मे अवधमें राम..!! ठुमक चलत रामचंद्र,.!!.** આ ત્રણ ગીતો પર gracefully performances આપનાર ગ્રુપ હતું પદમાબેન-કલ્યાણીબેન-ચારુબેન એન્ડ ગ્રુપ.

સહાયક હતા સરોજબેન-ગુણવંતભાઈ, અરવિંદભાઈ પટેલ, ભૂપેન્દ્રભાઈ ભટ્ટ, જગદીશભાઈ વશી, મુકેશભાઈ-દીપકાબેન,અને રેણુકાબેન-અમીતાબેન એન્ડ ગ્રુપ. ત્યારબાદ દક્ષાબેન એમ. પટેલની આગેવાની હેઠળ સૌ મેમ્બર્સ ભાઈ બહેનોએ સાથે મળી Holi popular songs પર free dance કરવાનો અનેરો લ્હાવો લીધો. ખૂબ મજાક-મસ્તી સાથે ઝૂમી ઉઠી, પોતાનો આનંદ વ્યક્ત કર્યો.

દક્ષાબેન રાજાએ , કમિટી , કીચન કમિટી, અનીલભાઈ જેઠવા, શિલાબેન નેગાંધી, જ્યોતિબેન શાહ, દક્ષાબેન એમ પટેલ, અરૂણભાઈ મહેતા(સુંદર ફોટોગ્રાફી)તેમજ કાર્યક્રમમાં ભાગ લેનાર કલાકારોનો તથા પ્રોગ્રામ સફળ બનાવવામાં પ્રત્યક્ષ કે પરોક્ષ મદદ કરનાર સર્વનો તેમજ સૌ મેમ્બર્સ ભાઈ-બહેનોનો દિલથી આભાર વ્યક્ત કર્યો હતો. વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો, સરોજબેન- ગુણવંતભાઈનો, જેઓ હરહંમેશ મંડળની સેવા માટે તત્પર હોય છે.

ભોજનમાં શીરો-પૂરી, દાળ-ભાત, બટાટાનું શાક,દહીંવડા, અથાણું અને પાપડ-પાપડી હતા. આવું સ્વાદિષ્ટ ભોજન કરી, સૌ ફરી મળવાના કોલ સાથે છૂટા પડ્યા.

**Next meeting :- 26 th April 2026**

**Venue :- Gore Medo Library**

**.Theme :- No theme**

**Dress code -: any colour**

**Annual Picnic**

**May 10th, 11:00am to 6:00pm**

**Paul Coffey Park**

**Gore way & Derry rd.**

**Mississauga**

**સંપાદક :- Dakshaben Raja.**


THE CANADIAN
HOME
Residential ✓
Commercial ✓
Industrial ✓
Turning Realty
Dreams to Reality
Vatsal Makes it
Happen!
GTA, Hamilton & Beyond
VATSAL DESAI
REALTOR®
+1 (416) 456 4448
RealtorVatsalDesai@Gmail.com
www.vatsaldesairealtor.com
BUY | SELL | LEASE | INVEST

# પુષ્ટિમાર્ગ સંપ્રદાયના: મહાન જ્યોતિર્ધર શ્રી વલ્લભાચાર્યજી



લેખક
નિર્મળાબેન દરજી
કેનેડા

દક્ષિણ ભારતમાં કૃષ્ણા નદીના દક્ષિણ ભાગનું નામ તલંગ પ્રદેશ છે. તેમાં કાંકરવાડ નામના ગામમાં વિદ્વાન બ્રાહ્મણોની વસ્તી રહેતી હતી. જ્યાં સવાર-સાંજ વેદમંત્રોના ધ્વનિ યજ્ઞના ધૂમથી વાતાવરણ સદા પવિત્ર અને સુગંધિત રહેતું હતું. આ બ્રાહ્મણોમાં વેલ્લનાડુ સમુદાયમાં એક પરિવાર પ્રસિદ્ધ હતો. આ પરિવાર વૈષ્ણવ ધર્મનો અનુયાયી હતો. તેમના આરાધ્ય ઈષ્ટદેવ ભગવાન શ્રીકૃષ્ણ હતા. આવી પવિત્ર દેવતુલ્ય પરંપરામાં લક્ષ્મણભટ્ટજી જે વલ્લભાચાર્યજીના પિતાજી થાય તેઓનો જન્મ થયો હતો. લક્ષ્મણભટ્ટજી મેધાવી બાળક હતા અને વેદ, પુરાણ શાસ્ત્રોમાં પારંગત હતા. યુવાવસ્થામાં આવતા જ તેમની ગણના પ્રસિદ્ધ વિદ્વાનોમાં થવા લાગી. સુશર્મા નામના વિદ્વાનની ઈલ્લમા નામી કન્યા સાથે લક્ષ્મણભટ્ટજીના લગ્ન થયા અને તે સમયે લક્ષ્મણભટ્ટજીની સાત પેઢીમાં થઈને સો સોમયાગનું આયોજન પૂરું થયું હતું.

કાશીમાં તે સમયે દશનામી સાધુઓનું વર્ચસ્વ વિશેષ હતું. એ સમયે યવનો સામે લડી લેવા અને કાશીની રક્ષા કરવા માટે સાધુઓ કેડ બાંધી તૈયાર હતા. આમ બંને પક્ષની લડાઈના સમાચાર ચારેય દિશામાં પ્રસરી ગયા હતા. દિલ્લી તરફથી યવનોની સેના આગળ વધતી હતી. આથી કાશીના નગરના લોકો કાશી છોડીને સુરક્ષિત સ્થળે જવા માંડ્યા તેમાં લક્ષ્મણભટ્ટજી પણ પોતાના જ્ઞાતિજનો સાથે પ્રયાગ થઈ દક્ષિણ તરફ જવા નીકળી પડ્યા.

શ્રી લક્ષ્મણભટ્ટજી એ પત્ની, સેવક અને શિષ્ય વર્ગ સાથે શુભ મુહૂર્તમાં દક્ષિણ તરફ આગળ વધ્યા ત્યારે આ સમયે શ્રી વત્સલ માતૃકુખને સાત માસથી પાવન મંગલ કરી રહ્યા હતા. શ્રી લક્ષ્મણભટ્ટજી માર્ગમાં મધ્યે મધ્યે વિરામ કરી રહ્યા હતા. ધીરે ધીરે તેઓ મઘા નદીને કિનારે આવી પહોંચ્યા.

પૃથ્વી મંગલ વધામણાના દાન દેતી હતી ગગન અત્યંત નિર્મલ હતું. ગ્રહ-નક્ષત્ર-તારા પ્રસન્ન હતા. જળાશયો શીતલ-નિર્મલ જલથી ભરપૂર હતા. કમલો પર મકરન્દ ગુંજન કરતા હતા. અગ્નિહોત્રીની યજ્ઞશાળાના અગ્નિદેવો તેજોમય જ્વાલાઓથી દિશાના તિમિરને દૂર કરતા હતા. પશુ-પક્ષીઓ મંગલ આગાહી કરી રહ્યા હતા. ત્યાં ચંપક-અરણ્યમાં લક્ષ્મણભટ્ટજીના પગલાં થયા. વન પ્રદેશ પ્રફુલ્લિત થયો. ઈલ્લમાગારુજી અને ભટ્ટજીના હૃદયમાં આનંદની છોળો ઉછળવા લાગી. બંનેના વામ અને દક્ષિણ અંગ ફરકવા લાગ્યા. કેટલાક સમયથી સ્વપ્નમાં ભગવાનના સુમંગલ સ્વરૂપના દર્શન થયા જ કરતા. કવચિત વૃંદાવનની, શ્રી યમુના મહારાણીની તો શ્રી ગિરિરાજના દર્શન થતા. એકવાર તો ભગવાન યજ્ઞનારાયણે સ્વપ્નમાં કહ્યું કે ઈલ્લમાગારુજી આપને ત્યાં મારો થોડા સમયમાં અવતાર થશે. આ સમયે એક દિવ્ય તેજઃ પુંજના દર્શન થયા. થોડી ક્ષણ પછી દિવ્ય બાળ સ્વરૂપનું દર્શન થયું. એકાદ ક્ષણ જેટલો સમય ઝાંખી નજર આગળ રહી પુનઃ તે આકૃતિ દ્રષ્ટિથી અનાદિર્ત થઈ ગઈ.

પરંતુ આ પ્રસંગ બન્યા પછીથી ઈલ્લમાગારુજીની મુખકાંતિ સદા પ્રભાવમયી જોવા મળતી અને શ્રી લક્ષ્મણભટ્ટજીને શ્રદ્ધા હતી કે અવિલંબે ભગવાનનું પ્રાગટ્ય થવું જોઈએ અને આવી શુભ ઘડીની આગાહી પુણ્યાત્માઓને પ્રથમથી જ થાય છે.

ચૈત્ર માસ હતો, કૃષ્ણ પક્ષ હતો, એકાદશીની વિષ્ણુતિથિ હતી રવિવાર હતો. સંવત ૧૫૩૫ શકે ૧૪૦૦ ના દિવસે ચંપારણ્યની ધરણી કૃતાર્થ થવાની હતી. લક્ષ્મણભટ્ટજી આ સ્થાનમાં પધાર્યા. રાતવાસો કરી પ્રાતઃ કાલમાં નિત્યકર્મ-સંધ્યાવંદન હોમવિધિ કરી થોડો વિશ્રામ કરી આગળ વધ્યા. સંધ્યા હજુ દૂર હતી. પ્રાતઃ કાલમાં જ્યાં હોમવિધિ કર્યો હતો તે સ્થાન આજે પણ અગ્નિ કુંડ નામથી પ્રચલિત છે. તે આજે પણ ચંપારણ્યમાં હયાત છે. આ અગ્નિકુંડથી શ્રી ભટ્ટજી અને માતાજી શ્રી ઈલ્લમાગારુજી આગળ વધી રહ્યા હતા. માતાજીને પ્રસવની પીડા થઈ. એક વૃક્ષની નીચે જઈ બેઠા. જ્યાં સાત માસનો ગર્ભ બાળરૂપે શ્રી વલ્લભનું પ્રાગટ્ય થયું એમ લોકવાયકા છે. અહીં તો સાક્ષાત પૂર્ણ પુરુષોત્તમ જ પધારવાના છે. ત્યાં અધૂરા માસે જન્મની કથા જ ક્યાં છે. અહીં ભગવદ્ ઈચ્છા કાંઈક અલૌકિક લીલા કરવાની હતી. સ્વર્ગના દેવતાઓ દિશા-વિદિશાના દેવો, ગન્ધર્વ, અપ્સરાઓ, વન-ઉપવન આદિ આ અલૌકિક મહોત્સવ મનાવવાનો હતો. જો માતા ઈલ્લમાગારુજીને અને શ્રી લક્ષ્મણભટ્ટજીને મહાત્મ્ય જ્ઞાન થઈ જાય તો વાત્સલ્યરસ લાલસા અધૂરી રહી જાય તેથી પ્રસવનું અનુસંધાન પણ ન થવા દીધું.



કેટલાકનું માનવું છે કે જન્મેલું બાળક ચેષ્ટાહીન, અચેતન જેવું કે અધૂરા માસના પ્રસવનું પરિણામ છે. માતા અને શ્રી લક્ષ્મણભટ્ટજી ખૂબ વ્યાકુળ હતા. મુકામ પર જલ્દી પહોંચવાની ઈચ્છાથી, જન્મેલા બાળકની વધુ પરીક્ષા કર્યા વગર બંને પતિ-પત્ની પ્રભુની ઈચ્છા માની પરિસ્થિતિ સ્વીકારી લીધી બાજુના દેહની રક્ષા માટે સૂકા પાનના ઢગલા નીચે શમીવૃક્ષની બખોલમાં મને-કમને મૂકી વિદાય લીધી ચોડા નગરમાં આવી ત્યાં રાતવાસો કર્યો પરંતુ સંતાન વિરહ સંતાપ ઉરને તપાવવા લાગ્યો. રાત-સાથે મનનો સંતાપ વધવા લાગ્યો. અને માતા રુદન કરવા લાગ્યા. તેમણે શ્રી લક્ષ્મણભટ્ટજીને કહ્યું "ચાલો નાથ જ્યાં સંતાન મૂકીને આવ્યા છીએ ત્યાં પાછા જઈએ. મારું મન કહે છે. બાળક રમે છે, હસે છે, અને મને બોલાવે છે." આ સાંભળી ભટ્ટજી અને માતાજી પ્રાતઃ કાલે પાછા ચંપારણ્યમાં શ્રી વલ્લભના પ્રાગટ્ય સ્થળે જ્યાં નીકળ્યા ત્યાં ભગવાને નિજલીલા સમેટવા માંડી અને દેવો-ગાંધર્વો નંદમહોત્સવનો લહાવો લઈ વંદન કરી વિદાય થયા.

સવાર થતાં જ કેટલાક સાથીઓ અને લક્ષ્મણભટ્ટજી તેમજ માતાજી પાછા આવી રાત્રીના જ્યાં બાળક મૂક્યું હતું તે સ્થાને આવ્યા. વૃક્ષ નીચે આવીને જુએ તો ત્યાં અતિ સુકુમાર તેજસ્વી બાળક પગનો અંગૂઠો મુખમાં લઈ મંદ-મંદ હસી રહ્યું હતું ચારેય તરફ દાવાગ્નિ સળગતો હતો. તે જોઈ માતાને વિસ્મય થયું અને અગ્નિના લીધે મારું બાળક સુરક્ષિત રહ્યું તેમ માન્યું.

ઈલ્લમાગારુજીએ પ્રેમથી પોતાના બાળકને ઉઠાવી હૃદયે લગાવી અહોભાગ્ય માની અને ભગવતકૃપાનું ફળ માની પોતાના પતિ પાસે આવ્યા. બધા જ આશ્ચર્યચકિત અને પ્રસન્ન થયા. અને બાળકને સામુદ્રિક - ચિહ્ન શાસ્ત્રમાં જોઈને નિશ્ચય થયો કે આ કોઈ સામાન્ય જીવ નથી પણ જીવોનો ઉદ્ધાર કરનાર મહાપુરુષ છે.

આજ બાળક દિવ્ય ગુણ, આદર્શ આચરણ, અનુપમ પાંડિત્ય, લોકહિત ચિંતનથી અલંકૃત હોવાથી આગળ જતાં શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજીના નામથી જગદ્‌ગુરુ રૂપે વિશ્વપ્રસિદ્ધ થયા. અને જનસમાજના જીવનમાં ભક્તિમાર્ગનું સિંચન કર્યું. મહાપ્રભુજી સાક્ષાત્ શ્રીકૃષ્ણના મુખારવિંદ અગ્નિ સ્વરૂપ ગણાય છે. તેમણે પુષ્ટિમાર્ગની સ્થાપના કરી જે પ્રેમલક્ષણા ભક્તિ અને શરણાગતિનો માર્ગ છે. તેમના પ્રાગટ્ય દિવસને આજે પણ 'વલ્લભ જયંતિ' તરીકે ખૂબ જ ધામધૂમથી ઉજવે છે.

મહાપ્રભુજીએ ભારતભરમાં ત્રણ વખત પદયાત્રા કરી. અનેક જીવોને બ્રહ્મસંબંધની દિક્ષા આપી. ભાગવત ધર્મનો પ્રચાર કર્યો. તેમણે જ્યાં જ્યાં ભાગવતનું પારાયણ કર્યું તે સ્થાન 'બેઠકજી' તરીકે પૂજાય છે. તેમાં આજે પણ ૮૪ બેઠકો પૂજ્ય છે. આચાર્યચરણના અનેક શિષ્યો હતા જેમાં ૮૪ વૈષ્ણવો એવા હતા કે જેનો આદર્શ બીજે મળવો દુર્લભ છે. શ્રી મહાપ્રભુજીએ અનેક ગ્રંથોની રચના કરી છે. તેમાં મુખ્યત્વે સુબોધિનીજી, પુરુષોત્તમ નામ સહસ્ત્ર, શોડષ ગ્રંથો, નંદકુમારષ્ટકમ, કૃષ્ણષ્ટક વગેરેનો સમાવેશ થાય છે.

શ્રી મહાપ્રભુજીએ કાશીમાં હનુમાનઘાટ ઉપર ગંગા કિનારે ભક્તિમાર્ગીય ત્રિદંડ સંન્યાસ ધારણ કરી અનશન, મૌનવ્રત ધારણ કરી બિરાજ્યા હતા. ત્યારે મોટા પુત્ર ગોપીનાથજી અને નાના પુત્ર શ્રી વિઠ્ઠલનાથજી તેમની પાસે અંતિમ ઉપદેશ લેવા પધાર્યા. મહાપ્રભુજીએ તેમણે રેતીમાં સાડાત્રણ શ્લોકમાં ઉપદેશ લખીને જણાવ્યું કે તમે ભગવાનથી છૂટા બહિર્મુખ થશો તો કાળ પ્રવાહમાં રહેલા દેહ, ચિત્ત આદિ તમારું સર્વથા ભક્ષણ કરી જશે. એવો મારો મત છે. શ્રીકૃષ્ણનું સ્વરૂપ અલૌકિક છે. અને શ્રીકૃષ્ણ વિશેષ આપણો ભાવ હોવો જોઈએ. આ લોકમાં સર્વસ્વ શ્રીકૃષ્ણ જ છે. એટલે સર્વભાવે ગોપીશ શ્રી કૃષ્ણ સેવા કરવા યોગ્ય છે. તેઓ તમારું ઐહિક અને અલૌકિક કાર્ય કરશે. અને આ ગુરુજીએ લખેલા સાડાત્રણ શ્લોકની પૂર્તિ કરવા સાક્ષાત્ શ્રીનાથજી ભગવાન પ્રગટ થઈને દોઢ શ્લોકમાં પોતાના તરફથી ખાતરી આપી કે "શ્રી ગોપીજન વલ્લભ એવા મારામાં જો તમે વિશ્વાસ રાખશો તો તમે કૃતાર્થ થશો. પછીથી ક્યારેય ચિંતા કરવાની જરૂર નથી."

આમ ઓગણચાલીસ દિવસના સંન્યાસ પછી ચાલીસમાં દિવસે સંવત ૧૫૮૭ ના અષાઢ સુદ બીજને દિવસે રવિવારના રથયાત્રાના દિવસે બપોરના સમયે મહાપ્રભુજી હનુમાન ઘાટ પરથી ગંગાજીના જલપ્રવાહમાં પધાર્યા. તેઓ મધ્યધારામાં જેવા નીચે નમી જલમાં તિરોધાન થાય કે તરત જ એક પ્રચંડ જ્યોતિપુંજ તે જ જગ્યાએથી પેદા થઈ દંડાકારે ગગનમાં સૂર્યમંડળ સુધી ઊંચે જઈ ધીમે ધીમે દેખાતો બંધ થયો. હજારો લોકોએ આ દિવ્ય તેજપુંજના દર્શન કર્યા. આમ પૃથ્વી ઉપર ૫૨ વર્ષ ૨ માસ અને ૩ દિવસ સુધી બિરાજી પોતાનું કાર્ય પૂર્ણ કરી વૈશ્વાનર વિભુ શ્રી વલ્લભાચાર્યજીએ કાશીમાં આસુરવ્યામોહ લીલા કરી.

બોલો

"શ્રી વલ્લભાધીશ કી જય"





તમારા સપનાના ડેસ્ટિનેશનને વાસ્તવમાં
સાકાર કરવાની તક લઈને આવી રહ્યું છે.
બેસ્ટ વોયેજ પ્રા. લિ તો ચાલો જલસા કરવા....
ગુજરાતી માહોલ માં ગુજરાતી ટૂર મેનેજર સાથે.
IATA
Best Voyage Pvt. Ltd.
CELEBRATING 25th ANNIVERSARY
scan me
અમારા તમામ પેકેજો જાણવા માટે અહીંયા સ્કેન કરો
ગુજરાત ની પ્રતિષ્ઠિત અને સફળ ટ્રાવેલ કંપની, આપના માટે લઈ ને આવી રહ્યું છે....
Winter 2025 -26
PACKAGE
ઓસ્ટ્રેલિયા વિથ ન્યુઝીલેન્ડ 17 રાત્રિ - 18 દિવસ 21 જાન્યુઆરી, 17 ફેબ્રુઆરી, 11 માર્ચ
ઓસ્ટ્રેલિયા 11 રાત્રિ - 12 દિવસ 20 જાન્યુઆરી 6 ,16 ફેબ્રુઆરી, 17 માર્ચ
ન્યુઝીલેન્ડ 11 રાત્રિ - 12 દિવસ 19 જાન્યુઆરી 15 ફેબ્રુઆરી, 06 માર્ચ
સિંગાપોર મલેશીયા & ક્રુઝ 08 રાત્રિ - 09 દિવસ 29 જાન્યુઆરી, 03 માર્ચ
સિંગાપોર મલેશીયા & ક્રુઝ 09 રાત્રિ - 10 દિવસ 19 ફેબ્રુઆરી
સાઉથ આફ્રિકા 10 રાત્રિ - 11 દિવસ 18,જાન્યુઆરી 20 ફેબ્રુઆરી 22 માર્ચ
અઝરબૈજાન 06 રાત્રિ - 07 દિવસ 15 ડિસેમ્બર, 21 જાન્યુઆરી 10 ફેબ્રુઆરી, 05 માર્ચ
વિયેતનામ વિથ ફુકોક 09 રાત્રિ - 10 દિવસ 20 જાન્યુઆરી 13 ફેબ્રુઆરી, 03 માર્ચ
વરસેટાઇલ વિયેતનામ 08 રાત્રિ - 09 દિવસ 20 ફેબ્રુઆરી 02 માર્ચ
શ્રીલંકા 07 રાત્રિ - 08 દિવસ 14 ડિસેમ્બર, 05 જાન્યુઆરી 13 ફેબ્રુઆરી, 05 માર્ચ
બાલી 06 રાત્રિ - 07 દિવસ 12 ડિસેમ્બર 04 જાન્યુઆરી 13 ફેબ્રુઆરી 05 માર્ચ
આઈસલેન્ડ 09 રાત્રિ - 10 દિવસ 01 માર્ચ
Summer 2026
PACKAGE
ચેરી બ્લોસમ જાપાન 09 રાત્રિ - 10 દિવસ 22, 27, 30 માર્ચ
જાપાન વિથ અલ્પાઈન રુટ 10 રાત્રિ - 11 દિવસ 19,29 મે 10,22 જૂન
સાઉથ આફ્રિકા 10 રાત્રિ - 11 દિવસ 10 ,16 મે | 11 રાત્રિ - 12 દિવસ 26 એપ્રિલ 03, 07, 31 મે | 13 રાત્રિ - 14 દિવસ 14, 28 મે
ઓસ્ટ્રેલિયા 11 રાત્રિ - 12 દિવસ 04 એપ્રિલ 02 ,15,28 મે
ન્યુઝીલેન્ડ 12 રાત્રિ - 13 દિવસ 01 એપ્રિલ 03, 07, 22 મે
વેસ્ટ & ઈસ્ટ અમેરિકા 12 રાત્રિ 13 દિવસ 22 એપ્રિલ 06,20 મે 03,17 જૂન 01,22 જુલાઈ 19 ઓગસ્ટ 16 સપ્ટેમ્બર, 09 નવેમ્બર
અમેરિકન વંડર 19 રાત્રિ - 20 દિવસ 30 એપ્રિલ 21 મે 11 જૂન 02 જુલાઈ, 13 ઓગસ્ટ
અમેરિકન ડિસ્કવરી 23 રાત્રિ - 24 દિવસ 05,26 મે 16 જૂન 07 જુલાઈ, 04 ઓગસ્ટ
અમેઝિંગ અમેરિકા 15 રાત્રિ - 16 દિવસ 06, 27 મે 10 જૂન 01 જુલાઈ
કેનેડિયન રોકીસ 09 રાત્રિ - 10 દિવસ 14,21,28 મે 05,11,25 જૂન 09 જુલાઈ, 13 ઓગસ્ટ
બાલી 06 રાત્રિ - 07 દિવસ 24, 30 એપ્રિલ 08, 14 મે 18 જૂન
યુરોપ યાત્રા 18 રાત્રિ - 19 દિવસ 09,28 મે 15 જૂન 13 ઓગસ્ટ
યુનિક યુરોપ 15 રાત્રિ - 16 દિવસ 26 મે 15 જૂન 13 જુલાઈ
યુરોપીઅન ડ્રીમ્સ 12 રાત્રિ - 13 દિવસ 03,08,17, 25 મે 06 જૂન 14 જુલાઈ, 11 ઓગસ્ટ
સિનિક સ્કેન્ડીનેવીયા 12 રાત્રિ - 13 દિવસ 28 મે 11 જૂન 26 સપ્ટેમ્બર
યુકે વિથ આયર્લેન્ડ 10 રાત્રિ - 11 દિવસ 14 મે 15 જુલાઈ
પેનોરમિક યુરોપ 09 રાત્રિ - 10 દિવસ 21 મે 21 જૂન
ડિસકવર ઓસ્ટ્રેલિયા 12 રાત્રિ - 13 દિવસ 30 એપ્રિલ
યુરોપ તથા અન્ય અન્ય ટુરની માહિતી જાણવા માટે સંપર્ક કરો +91 99989 77746 / +91 95864 11313
હેડ ઓફિસ એસએફ ૧-૨/૧૦૧-03, અનહિલ કોમ્પ્લેક્સ,સિટી સેન્ટર ની પાછળ, સ્વસ્તિક ક્રોસ રોડ, સી.જી. રોડ અમદાવાદ-૩૮૦૦૦૯, ગુજરાત
બ્રાંચ ઓફિસ નિકોલ ( અમદાવાદ ) - આણંદ - મહેસાણા - સુરત - બરોડા - રાજકોટ જામનગર - ગાંધીનગર - કલોલ